

ત્રણ લોકનું ઉત્કૃષ્ટ તત્ત્વ એવા નિજ પરમાત્મા દેહમાં વસતા હોવા છતાં તું દેખતો નથી અને પર પ્રપંચને જાણવામાં રોકાઈને નિજ પરમાત્માનું અપમાન કરી રહ્યો છે.

—સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવ

કહાન સં. ૧૩ વિ. સં. ૨૦૪૯ (૫૯૨) ✻ આત્મધર્મ ✻ (અંક ૮ વર્ષ-૪૯) વીર સં. ૨૫૧૯ ફેબ્રુઆરી, ૧૯૯૩

## 卐 આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* ત્યાં સુધી પંચપદની સેવા હોય છે જ્યાં સુધી નિજપદની સેવા ન હોય. નિજપદની સેવા હોતા પોતે જ પંચપદદેવ છે. પંચપદોને વિચારતાં અને ધ્યાવતાં નિજપદની શુદ્ધિ થાય છે. નિજપદની શુદ્ધિ થતાં નિજપદ ભવજળથી પાર થવા માટે જહાજ છે. ૩૪૧.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, અનુભવદોહા નં.-૧૩, ૧૪)

* પંચપરમેષ્ઠીકી વંદના, અપને અશુભકર્મકી નિંદા ઔર અપરાધોંકી પ્રાયશ્ચિતાદિ વિધિસે નિવૃત્તિ, યે સબ જો પુણ્યકે કારણ હૈં, મોક્ષકે કારણ નહીં હૈં, ઇસલિયે પહલી અવસ્થામેં પાપકો દૂર કરનેકે લિયે જ્ઞાની પુરુષ ઇનકો કરતા હૈ, કરાતા હૈ, ઔર કરતે હુએકો ભલા જાનતા હૈ, તો ભી નિર્વિકલ્પ શુદ્ધોપયોગ અવસ્થામેં જ્ઞાની જીવ ઇન તીનોંમેંસે એક ભી ન તો કરતા, ન કરાતા હૈ, ઔર ન કરતે હુએકો ભલા જાનતા હૈ. ૩૪૨. (શ્રી યોગીન્દ્રદેવ, પરમાત્મપ્રકાશ, અધિ.-૨, ગાથા-૬૪)

* હે જિનેન્દ્રભગવાન! આપ હમારે સાથ મિલકર મુક્તિપુરીકો ન ચલોગે? અર્થાત્ જબતક હમ મુક્તિકે નિકટ ન પહુંચે આપકા આલંબન વ આપકી ભક્તિ વ આપકે સ્વરૂપકા ધ્યાન આવશ્યક હૈ. ઉસ મુક્તિ મિલનેસે જિસકા અનાદિસે સંબંધ હૈ વે કર્મ ક્ષય હો જાતે હૈં ઐસા જિનેન્દ્રકા ઉપદેશ હૈ. જો આનંદ સહિત મુક્તિકા ધ્યાન કરતે હૈં વે અનંત કર્મોંકો જીત લેતે હૈં. ૩૪૩. (શ્રી તારણસ્વામી, મમલપાહુડ, ભાગ-૨, પાનું-૧૫૭)

* અરે જીવ! જિનવરને તારા મનમાં સ્થાપ, વિષય-કષાયને છોડ; સિદ્ધિમહાપુરીમાં પ્રવેશ કર, અને દુઃખોને પાણીમાં ડુબાડીને તિલાંજલિ દે. ૩૪૪. (મુનિવર રામસિંહ, પાહુડદોહા, ગાથા-૧૩૪)

* આ રાગરૂપી અગ્નિ અનાદિકાળથી હમેશાં જીવને બાળી રહ્યો છે, તેથી સમતારૂપ અમૃતનું સેવન કરવું જોઈએ. વિષય-કષાયનું અનાદિકાળથી સેવન કર્યું છે. હવે તો તેનો ત્યાગ કરીને આત્મસ્વરૂપને ઓળખવું જોઈએ-પ્રાપ્ત કરવું જોઈએ. પરપદાર્થોમાં-પરભાવોમાં કેમ રાચી રહ્યો છે? તે પદ તારું નથી, તું દુઃખ કેમ સહન કરે છે? હે દૌલતરામ! હવે તારું આત્મપદ-સિદ્ધપદ તેમાં લાગીને સુખી થાઓ! આ અવસર ગુમાવો નહિ. ૩૪૫. —*— (શ્રી દૌલતરામજી, છઢાળા, ઢાળ-૬, શ્લોક-૧૫)

કહાન
સંવત-૧૩
વર્ષ-૪૯
અંક-૮
[ ૫૯૨ ]




# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
FEB
A.D. 1993

## ※ શ્રાવકે ચિંતવવાયોગ્ય બાર ભાવના ※

[ શ્રી પદ્મનંદિપંચવિંશતિ શાસ્ત્રના ઉપાસક સંસ્કાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ પ્રવચન નં. ૬નું રેકોર્ડિંગ ઉપલબ્ધ નથી. ]

[ પ્રવચન નં. ૭ ]

પદ્મનંદિપંચવિંશતિનો શ્રાવકના આચાર કેવા હોય તે વિષેનો આ છઠ્ઠો ' ઉપાસક સંસ્કાર ' નામનો અધિકાર છે. તેમાં ઘણી ગાથા થઈ ગઈ છે. હવે બાર ભાવનાઓનું સ્વરૂપ આચાર્યદેવ કહે છે.

ઉત્તમ પુરુષોએ સદાય બાર ભાવનાઓનું ચિંતવન કરવું જોઈએ. આ ભાવનાઓનું ચિંતવન સમસ્ત કર્મોનું નાશ કરવાવાળું હોય છે.

द्वादशापि सदा चिन्त्या अनुप्रेक्षा महात्मभिः ।
तद्भावना भवत्येव कर्मणः क्षयकारणम् ॥४२॥

ગૃહસ્થાશ્રમમાં ધર્મી જીવોએ વારંવાર આ બાર ભાવના ભાવવી. તીર્થંકર ભગવંતો પણ જ્યારે ગૃહસ્થાશ્રમમાં હોય ત્યારે, આ બાર ભાવના નિરંતર ભાવે છે. કેટલાક તો ચક્રવર્તી તીર્થંકર હોય તે પણ દીક્ષા લીધા પહેલાં નિરંતર બાર ભાવના ભાવે છે. પુરુષાર્થની મંદતા છે ત્યાં સુધી ભલે ચારિત્ર અંગીકાર કર્યું ન હોય, ૯૬૦૦૦ રાણીના વૃંદમાં પડયાં હોય, ૩૨૦૦૦ રાજાના નાયક હોય, હજારો દેવો સેવા કરતાં હોય તોપણ આત્માની નિત્યતાની ભાન-ભૂમિકામાં આ બાર ભાવનાઓ ભગવાન ભાવતાં હોય છે. શ્રાવકની આ ભાવનાના નામ આ પ્રમાણે છે :

अध्रुवाशरणे चैव भव एकत्वमेव च ।
अन्यत्वमशुचित्वं च तथैवास्रवसंवरौ ॥४३॥
निर्जरा च तथा लोको बोधिदुर्लभधर्मता ।
द्वादशैता अनुप्रेक्षा भाषिता जिनपुङ्गवैः ॥४४॥

જૈન પરમેશ્વર વીતરાગદેવ કહે છે કે ગૃહસ્થાશ્રમમાં શ્રાવકે આ બાર ભાવના નિરંતર ભાવવી. કેમકે તેને વેપાર-ધંધા આદિના ઘણાં પાપો વર્તતા હોય છે તેમાં આ ભાવના ભાવવાથી ચારિત્રપદ લેવાની જિજ્ઞાસા વર્ત્યા કરે છે. ૧. અનિત્ય, ૨. અશરણ, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિત્વ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોકભાવના, ૧૧. બોધિદુર્લભ, ૧૨. ધર્મભાવના.

તેમાંથી પ્રથમ અનિત્યભાવનાનું સ્વરૂપ ( અધ્રુવભાવના ) :—

अध्रुवाणि समस्तानि शरीरादीनि देहिनाम् ।
तन्नाशेऽपि न कर्तव्यः शोको दुष्कर्मकारणम् ॥४५॥

ધર્મીજીવે પ્રાણીઓના સમસ્ત શરીર, ધન, અનાજ આદિ પદાર્થ નાશવાન છે—તેની ચીજ નથી—પલટતી ચીજ છે—સંયોગી ચીજ છે એમ વારંવાર અંતરમાં વિચારણા કરવી. સમસ્ત શરીર એટલે પોતાનું અને સ્ત્રી પુત્રાદિ પરિવારના શરીર, બધાં નાશવાન છે. ધન એટલે લક્ષ્મી અને ધાન્ય આદિ એટલે અનાજ, દાગીના, કપડાં, મકાન વગેરે સર્વ ચીજ નાશવાન છે—વિનાશિક છે—અધ્રુવ છે—ક્ષણભંગુર છે. માટે તેનો નાશ થાય ત્યારે જરાય શોક કરવો નહિ કેમકે શોકથી ખોટા કર્મો બંધાય છે અને ગયેલી ચીજ તો પાછી આવતી નથી.

ધર્મીજીવ ધંધો કરતાં કરતાં આવી ભાવના ભાવતાં હશે કે સ્ત્રી-પુત્રાદિનું પોષણ કરતાં હશે ? ભાઈ ! કુટુંબનું પોષણ એ તો પાપભાવ છે. તે હજુ છૂટતો નથી તેથી ધર્મીને એ ભાવ આવવા છતાં જાણે છે કે, આ કાંઈ મારું નથી, બધું નાશવાન છે.

તત્ત્વાર્થસારમાં કહ્યું છે કે બાળક જન્મે છે ત્યારે તેની માતા બાળકને ગોદમાં લે તે પહેલાં અનિત્યતા તેને ગોદમાં લઈ લે છે. બાપુ ! કઈ પળે આ ક્ષણભંગુર દેહ પડી જશે તેની ખબર નથી. જેમ સંધ્યા ખીલી હોય અને તેમાં મકાન, નદી, પર્વત, નગર આદિ સુંદર દેખાવો દેખાતાં હોય અનેક્ષણમાં સંધ્યા ચાલી જતાં કાંઈ દેખાતું નથી. તેમ, આ શરીર, લક્ષ્મી, પરિવાર આદિ ક્ષણમાં ચાલ્યા જવાના છે. તે વખતે ધર્મીજીવો શોક કરતાં નથી કેમકે શોક કરવાથી તો માઠા કર્મો બંધાય છે, કાંઈ ગયેલી ચીજ પાછી આવતી નથી.

પરમાત્મપ્રકાશમાં યોગીન્દ્રદેવ કહે છે, ભગવાનના મંદિરો અને પ્રતિમાજી પણ નાશ થવા કાળે બળીને ખાખ થઈ જાય છે તે કોઈ નિત્ય ચીજ નથી. ભલે સોનાના મંદિર બનાવ્યા હોય અને રત્નના પ્રતિમા પધરાવ્યા હોય પણ પુદ્‌ગલ છે ને! નાશ પામવાયોગ્ય સંયોગ છે ને! તેનો નાશ થઈ જશે માટે ધર્મીજીવે અનિત્યની વિચારણા કરવી, શોક ન કરવો.

હવે અશરણભાવના કહે છે.

व्याघ्रेणाघ्रातकायस्य मृगशावस्य निर्जने ।
यथा न शरणं जन्तोः संसारे न तथापदि ॥ ४६ ॥

અરે! મૃગનું નાનું એવું બચ્ચું હોય અને વાઘે તેને પ્રબળ રીતે પકડયું હોય તેને નિર્જનવનમાં કોણ બચાવી શકે? તેને બચાવવા કોઈ સમર્થ નથી. તેમ આ સંસારમાં જીવોને આપત્તિ આવે ત્યારે ઈન્દ્ર આદિ કોઈ બચાવી શકતા નથી. માટે ભવ્યજીવોએ કોઈને શરણરૂપ ન માનવા. એક ધર્મ જ જીવને શરણ છે.

આ છોકરાઓ આપણું નામ રાખશે અને મરતી વેળાએ સેવા-ચાકરી કરશે એમ બહારમાં શરણ લેવા ફાંફાં મારીશ નહિ. ક્ષણમાં આંખ બંધ થઈ જશે-નાશવાન ચીજની અપેક્ષા કરીને પાપભાવ શા માટે કરે છે? જરાં વિચાર કર! સ્વપ્નાનો કાળ કેટલો હોય? પોતાને એમ લાગે કે બહુ લાંબો ટાઈમ થયો પણ સ્વપ્નાનું તો ક્ષણમાં ચાલ્યું જાય છે, સ્વપ્નું સુખડીથી કાંઈ ભૂખ ભાંગતી નથી.

ધર્મીજીવ વિચાર કરે છે કે જેમ તે મૃગના બચ્ચાને વાઘના મોઢામાંથી બચાવવા કોઈ સમર્થ નથી તેમ, આ શરીરમાં તીવ્ર રોગ આવશે-મરણની તૈયારી થશે તે વખતે જિંદગીભરનો કમાયેલો પૈસો, કુટુંબીજનો કે વૈદ્ય ડાકટરો કોઈ બચાવવા સમર્થ નથી. ત્રણકાળ ત્રણલોકમાં આપત્તિના સમયે એટલે રોગાદિ કે મરણના સમયે કોઈ બચાવવા સમર્થ નથી માટે ભવ્યજીવોએ ધર્મ સિવાય કોઈને રક્ષક ન સમજવું. શરણભૂત-મંગળરૂપ-ઉત્તમપદાર્થ એક ચૈતન્યમૂર્તિ આત્મા જ છે તે સિવાય કોઈ મંગળ, ઉત્તમ કે શરણ નથી.

હવે સંસારભાવનાનું સ્વરૂપ કહે છે.

यत्सुखं तत्सुखाभासं यद्दुःखं तत्सदाञ्जसा
भवे लोकाः सुखं सत्यं मोक्ष एव स साध्यताम् ॥४७॥

ગૃહસ્થાશ્રમમાં તીર્થંકર આ ભાવનાઓ ભાવતાં ભાવતાં જ્યારે તીવ્ર વૈરાગ્ય પામે છે ત્યારે સેવામાં આવેલાં ઈન્દ્રને કહે છે હે ઈન્દ્રો! તમે શરણભૂત નથી, સ્ત્રીઓને

કહે છે અરે સ્ત્રીઓ ! અમે તમારા કારણે આ સંસારમાં રહ્યા છીએ એમ ન માનશો. અમને જરા રાગ હતો તેથી રોકાયા હતા. હવે રાગ મરી ગયો છે માટે જંગલમાં જઈને અમે અમારી સાધના કરશું. તમે ઝંટિયા તાણો તોપણ હવે એક ક્ષણ અમે અહીં રહેવાના નથી.

શાંતિનાથ ચક્રવર્તી જેના ઘરે પદ્મણી જેવી ૯૬૦૦૦ સ્ત્રીઓ હતી તેને જ્યારે વૈરાગ્ય આવે છે ત્યારે ઇન્દ્રો ઉપરથી ઉતરે છે તેને કહે છે કે આ ભવે અમારો મોક્ષ છે એ અમને ખબર છે પણ ચારિત્ર લીધા વિના મોક્ષ નથી. અમે હવે ચારિત્રદશા ધારણ કરીને મોક્ષની સાધના કરશું. સંસારભાવનામાં સાધકો આમ વિચારણા કરે છે તેની વ્યાખ્યા કહે છે—

હે જીવ ! સંસારમાં જે સુખ લાગે છે તે સુખ નથી, સુખાભાસ છે. સુખ જેવું લાગે છે પણ તે દુઃખ જ છે. વાસ્તવિક સુખ તો મોક્ષમાં જ છે માટે તારે મોક્ષની પ્રાપ્તિ માટે જ પ્રયત્ન કરવો જોઈએ.

સ્ત્રી, પુત્ર, પૈસા આદિમાં ક્યાંય સુખ નથી. મૂઢ થઈને જીવ નકામો તે વિષ્ટામાં મોંઢા નાખીને તાકી રહ્યો છે, તેને સુખ લાગે છે પણ જ્ઞાની તો જાણે છે કે, તેમાં સુખ નથી પણ અમને રાગ છૂટતો નથી તેથી રોકાયા છીએ. હે રાણીઓ ! તમારાથી અમને સુખ છે એમ સ્વપ્નમાં પણ માનશો નહિ. અમારો રાગ તૂટશે અને અંતરની ધારા ચાલશે ત્યારે એક ક્ષણ પણ અહીં ઊભા નહિ રહીએ કેમકે સંસારમાં એકલું દુઃખ જ છે. તેમાં અમને સુખ ભાસતું નથી. અમારું સુખ તો અંતરમાં છે.

यद्दुःखं तत्सदाज्ञसा। સંસારમાં દુઃખ છે એ વાત બરાબર છે. પાંચ ઇંદ્રિયના વિષયોમાં, તેની વાસનામાં, કમાવામાં વગેરે બધામાં દુઃખ છે. હું દસ લાખ કમાણો એવો વિકલ્પ ઊઠે છે તેમાં પણ મહાદુઃખ છે. પણ જેમ અંધ માણસને છતી ચીજ પણ દેખાય નહિ તેમ અજ્ઞાનમાં અંધને છતુ દુઃખ પણ દેખાતું નથી ઊલટું તેમાં સુખ ભાસે છે. અજ્ઞાનીએ કલ્પ્યું છે તે કોઈ સુખ નથી, દુઃખ જ છે. ખરેખર દુઃખ છે—સુખની તો ગંધ પણ નથી.

પૈસા ખૂબ થયા હોય, સ્ત્રી-પુત્રાદિ અનુકૂળ હોય, મોટા મોટા હજીરા બનાવ્યા હોય તેમાં હાથીના દાંતની બારીઓ અને રેશમની દોરી લટકતી હોય, ખુરશી-ટેબલના લાકડાં કોતરણી કરેલા અને પાલિસવાળા હોય, દાદરો પણ પાલિસવાળો હોય, પણ બાપુ ! તેમાંથી નીકળવું તને ભારે પડશે. ઘણાં તો એવા શોખીન હોય તો પૈસો બહુ ન હોય પણ ઘર આખું શણગાર્યું હોય, સાફસાફ હોય, કપડાં પણ ઈસ્ત્રી કરાવેલા હોય

અરર...! આમાંથી નીકળવું તને કઠણ પડશે-આમાં જ સલવાઈ રહીશ. આચાર્યદેવ કહે છે તેમાં સુખ તો નથી પણ સુખની ગંધ પણ નથી સુખ અને આનંદ તો પ્રભુ! તારી અંદર ભર્યું છે.

આ બધી ભાવના નિત્યના ભાનપૂર્વકની છે. નિત્યના ભાન વગર એકલી અનિત્યતા વિચારે છે એ તો બૌદ્ધ છે. અનિત્યની જાગરિકા છે-અનિત્યમાં જાગૃત છે તેની વાત નથી. આ તો નિત્યના ભાન સહિત અનિત્યાદિ ભાવના ભાવે તેને વૈરાગ્યની વૃદ્ધિ થાય છે અને સંવર થાય છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વામીએ સંવર અધિકારમાં આ બાર ભાવના લીધી છે. શ્રાવકોએ તે દિન-દિન પ્રત્યે ભાવવી. મરણ થશે તોપણ આ ભાવના જીવની સાથે જશે. પૈસો સાથે નહિ જાય.

વિચારણા તો કર કે, સંસારમાં દુઃખ છે તે હકીકત છે, વાસ્તવિક સુખ તો મોક્ષમાં છે. માટે મોક્ષની પ્રાપ્તિ માટે મારે પ્રયત્ન કરવો જોઈએ. શ્રીમદ્જી પણ અપૂર્વ અવસરમાં કહે છે—

સર્વ ભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી,
માત્ર દેહ તે સંયમહેતુ હોય જો;
અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ,
દેહે પણ કિંચિત્ મૂર્છા નવ જોય જો. અપૂર્વ અવસર....

શ્રીમદ્‌ને લાખોનો મોટો હીરાનો વેપાર હતો, સ્ત્રી પુત્રાદિ હતાં પણ આ ભાવના ઘૂંટાતી હતી...ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો. લાખો રૂપિયાનો મોતીનો વેપાર છે, આબરૂદાર બુદ્ધિશાળી છે પણ કહે છે એ અમારું પદ નથી, એ અમારું રહેઠાણ નથી અમે ક્યારે નિર્ગ્રંથ થઈને અમારાં રહેઠાણમાં ચાલ્યા જઈએ! આવી ભાવના ગૃહસ્થાશ્રમમાં શ્રીમદ્જી ભાવતા હતાં તેમ દરેક સાધક ભાવના ભાવે છે.

હવે ચોથી એકત્વભાવના :—

स्वजनो वा परो वापि नो कश्चित्परमार्थतः ।
केवलं स्वार्जितं कर्म जीवनैकेन भुज्यते ।। ।।४८।।

ધર્મી એમ વિચારે છે કે, ખરેખર જોઈએ તો સંસારમાં કોઈ સ્વજન નથી કે કોઈ પરજન નથી. કોને સ્વજન કહેવા અને કોને પરજન કહેવા? પોતાના કરેલા કર્મના ફળને જીવ એકલો જ ભોગવે છે. મનુષ્યમાં હો, દેવમાં હો, નરકમાં હો કે નિર્યંચમાં હો પોતે કરેલા પાપના ફળને એકલો જ ભોગવે છે. કોઈ તેની સામુ જોવા આવતું નથી. ( કોઈ ભાગ પડાવતું નથી ) કથામાં દૃષ્ટાંત આવે છે કે બે ભાઈ હતાં.

બંનેને બહુ પ્રેમ એટલે નાનો ભાઈ માંદો પડ્યો તો મોટાભાઈએ તેને માંસ, ઇંડા, ડુંગળી અને લસણ આદિ અભક્ષ્ય ખવરાવ્યાં કે કોઈ પણ હિસાબે મારો ભાઈ બચી જાય, તે માટે ભાઈથી ખાનગી આવા પાપ કર્યાં. એ મરીને મોટો ભાઈ નરકે ગયો અને નાનો ભાઈ અસુરદેવ થયો અને ભાઈના જીવને જ મારવા લાગ્યો. ત્યારે નારકીને ખ્યાલ આવે છે કે અરે! આ તો નાના ભાઈનો જીવ છે. અરે! તારા માટે તો મેં પાપ કર્યાં હતાં અસુરદેવ કહે છે કે તને પાપ કરવાનું કોણે કીધું હતું! અહીં તો જેલરની પેઠે હું તને મારીશ. જુઓ આ દશા! સૌના ઉપાર્જન કરેલાં સૌ પોતે ભોગવે છે.

જુઓ! ત્રણ ખંડનો અધિપતિ રાવણ સીતાને હરીને મહાપાપ કરીને નરકે જાય છે અને સીતાનો જીવ દેવ થાય છે. તેને કરુણા આવે છે કે આ જીવને બચાવું. સીતાનો જીવ નરકમાં જાય છે અને જ્યાં રાવણને લેવા જાય છે ત્યાં શરીર છૂટું પડી જાય છે. રાવણ કહે છે તમે મને નહિ છોડાવી શકો, મારા બાંધેલાં કર્મ મારે ભોગવવા જ પડશે. હે દેવ! તમારા કરેલાં પુણ્યને તમે ભોગવો! અમારા પાપના ફળ અમે ભોગવીએ છીએ. તેમાં કોઈનો સહારો નથી. ધર્મીજીવ વિચારે છે કે કોણ સ્વજન અને કોણ પરજન! આવી વૈરાગ્યભાવના ગૃહસ્થાશ્રમમાં ધર્મીને વારંવાર હોવી જોઈએ.

આગળ દાખલો બે ભાઈનો આપ્યો ને! પહેલો કહે છે મેં આ પાપ તારા માટે કર્યાં હતાં...મૂઢ! પરને માટે કોઈ કાંઈ કરતું નથી. પોતાના વિકારીભાવને પોતે પોષે છે. માટે તેનું ફળ પોતાને એકલાંને જ ભોગવવું પડે છે. ધગધગતાં લોઢાના પાણી પાય છે, અગ્નિમાં ફેંકે છે...માર-ફાડ કરે છે અનેક પ્રકારે દુઃખ આપે છે. તારા કર્યાં તું ભોગવ! આ તો બે ભાઈનો દાખલો આપ્યો. તેમ બાપ-દીકરો હોય કે ગમે તે સંબંધ હોય પણ કોઈ કોઈનું નથી, કર્મનું ફળ પોતે જ ભોગવવું પડે છે. બીજો કોઈ ભોગવી દેતો નથી. આ એકત્વભાવનાનો વિચાર છે.

હવે પાંચમી અન્યત્વભાવના કહે છેઃ—

क्षीरनीरवदेकत्र स्थितयोर्देहदेहिनोः ।
भेदो यदि ततोन्येषु कलत्रादिषु का कथा ॥४९॥

વનવાસી સંતો ગૃહસ્થને વારંવાર આ ભાવનાઓ ભાવવાનું કહી ગયા છે. અરે ભાઈ! તું એમ માને છો કે આ શરીર મારું છે પણ શરીર અને આત્મા દૂધ અને પાણીની જેમ મળેલાં છે, એક વસ્તુ નથી. જ્યાં શરીર અને આત્મા પરસ્પર ભિન્ન છે તો સર્વથા ભિન્ન એવા સ્ત્રી-પુત્રાદિ તો જુદાં જ હોય ને! માટે વિદ્વાનોએ શરીર અને સ્ત્રી, પુત્રાદિને કદી પોતાના ન માનવાં.

શાસ્ત્રમાં દેહને દુશ્મન કહ્યો છે. ચૈતન્યનો સ્વભાવ જાણવા-દેખવાનો છે અને દેહનો સ્વભાવ તો ગલન-મિલન થવાનો છે. દેહ અને આત્મા એક જગ્યાએ રહેલાં છે છતાં તદ્દન જુદી ચીજ છે તો સ્ત્રી, પુત્ર, પુત્રી-જમાઈ, જેઠ-જેઠાણી, ભાઈ-બેન આદિ તો કયાંય દૂર રહી ગયાં. તારે અને તેને કાંઈ સંબંધ નથી.

આમ ધર્મીજીવ હંમેશા ભાવના કર્યા કરે છે તેથી તેને વૈરાગ્યની વૃદ્ધિ થાય છે તેને સંવર કહેવાય છે. આ ધર્મીનું રોજનું કર્તવ્ય છે.

અજ્ઞાનીને વેપારમાં આ ચીજનો આ ભાવ છે ને આમ વેચવાની છે, હીરા-માણેકનો વેપાર હોય તો તેની બધી યાદગીરી હોય, કપડાવાળાને કપડાની, વકીલને અસીલની, ડાકટરને દર્દીની એમ દરેકને વેપારની બધી યાદગીરી હોય પણ ભગવાને કહેલી આ બાર ભાવનાના નામ પણ આવડતાં ન હોય. ભાવના એટલે શું એ જ ખબર ન હોય. જેને ધર્મ કરવો હોય તેણે દરેકે આ ભાવના ભાવવા જેવી છે.

હવે છઠ્ઠી અશુચિભાવના કહે છે:—

तथाशुचिरयं कायः कृमिधातुमलान्वितः ।
यथा तस्यैव सम्पर्कादन्यत्राप्य पवित्रता ॥५०॥

કીડા, ધાતુ, મલ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થોથી ભરેલો આ દેહ એટલો અપવિત્ર છે કે તેના સંબંધથી બીજી વસ્તુ પણ અપવિત્ર થઈ જાય છે. મુસંબી, સંતરા આદિના રસ પીઓ ત્યાં થોડીવારમાં પેશાબ થઈ જાય છે, મેસુબ, લાડુ આદિ ચીજો ખાય ત્યાં થોડીવારમાં તેની વિષ્ટા તૈયાર થઈ જાય છે. બીજાં કોઈ યંત્રમાં આવું ન થાય. આ એક જ સંચો એવો છે કે જેમાં મૂત્ર, વિષ્ટા આદિ અપવિત્ર પદાર્થ થાય છે.

સુગંધી અને પવિત્ર એવા ચંદન, વસ્ત્ર, આભૂષણાદિ પણ આ શરીરના સંયોગથી ક્ષણમાં અપવિત્ર અને દુર્ગંધવાળા થઈ જાય છે. માટે શરીર સમાન સંસારમાં કોઈ અપવિત્ર પદાર્થ નથી એમ જાણી સજ્જનોએ તેનું મમત્વ રાખવું ન જોઈએ પણ તેનાથી તપ આદિ ઉત્તમ કાર્ય કરીને મનુષ્યજન્મ સફળ બનાવવો જોઈએ.

ધર્મી જીવે હંમેશા આવી ભાવના કરવી જોઈએ, નહિ તો ધીઠો થઈને ચાર-ગતિમાં રખડશે, કયાંય પત્તો નહિ મળે. જેમ મોટા વંટોળિયામાં તણખલું આમથી તેમ ઊડે છે તેમ આ જીવ ચોરાશીના અવતારમાં આમથી તેમ રખડશે, કયાંય થંભીને સ્થિર થવાનો તેને અવસર નહિ મળે.

એકદમ સાફ અને ઇસ્ત્રીવાળા કપડાં પણ બીજાં દિવસે પહેરવા જેવા રહેતાં નથી, એમાંથી પરસેવાની વાસ આવે છે તે કોના પ્રતાપે? આ શરીરનો સંગ જ

એવો છે. વિષ્ટા, કફ, મૂત્ર આદિ અપવિત્ર પદાર્થની ઉત્પત્તિ પણ શરીરથી જ થાય છે. બીજાં કોઈ યંત્રમાં રોટલાં નાંખો તો જીણો ભૂકો થઈ જશે પણ વિષ્ટા નહિ થાય. આ શરીર જ એક એવો સંચો છે કે જેમાં અપવિત્ર પદાર્થ તૈયાર થાય છે. ઊંચામાં ઊંચો મેસૂબ મોઢામાં મૂકીને મોઢું ખોલીને જુઓ તો કૂતરાંની એઠ જેવો લાળવાળો દેખાશે...એવો થઈને પછી જ એ ગળા નીચે ઊતરે છે. જીવની વૃત્તિમાં એ પદાર્થનો પ્રેમ છે બાકી તો સજ્જનોને તે ઘૃણા આવે એવું થઈ જાય છે. માટે આ દેહનું મમત્વ ન કરો પણ એવું કામ કરો કે જેથી મનુષ્યભવની સફળતા થાય. આત્માની ઓળખાણ કરો. બાકી દેહ તો નકામી ચીજ છે.

હવે તો સાતમી આસ્રવભાવના કહે છે.

जीवपोतो भवाम्भोधौ मिथ्यात्वादिकरन्ध्रवान् ।
आस्रवति विनाशार्थं कर्माम्भः सुचिरं प्रमात् ॥५१॥

આ સંસારરૂપી સમુદ્રમાં જ્યારે આ જીવરૂપી જહાજ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગરૂપી છિદ્રોથી સહિત હોય છે ત્યારે તે પોતાના વિનાશ માટે અજ્ઞાનતાથી પ્રચુર કર્મરૂપી પાણીને આસ્રવરૂપ કરે છે.

એને એમ લાગે કે મેં કેવી હોંશિયારી કરી, કેટલાં કામ કર્યા! હા ભાઈ! તેં અમૃતસ્વરૂપ ભગવાન આત્માને ઝેર પાવાના ઘણાં કામ કર્યા છે. અમૃતમૂર્તિ ભગવાન આત્માને ભૂલીને જે મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય આદિ દોષ થાય છે તે જહાજમાં છિદ્ર પડવા સમાન છે, તેમાંથી નવા પાપના-આવરણના ઢગલા થાય છે. પાણી ભરાતાં જહાજ જેમ ડૂબી જાય છે તેમ આ પાપથી જીવ સંસારસમુદ્રમાં ડૂબી જાય છે.

મુનિઓને દુનિયા પાસેથી કાંઈ જોઈતું નથી. તેમને તો કરૂણા છે એટલે જીવોને વૈરાગ્ય કરાવે છે કે આ સંસારમાં તને કોઈ શરણ નથી. શરણ એક આત્મા જ છે. માટે આત્માનું હિત થાય તેમ કર! આ પરિગ્રહ તું કોના માટે કરે છે? પુત્ર કપુત્ર તો સંશય શાનો? અને પુત્ર સપુત્ર તો સંચય શાનો? કપુત્ર હશે તો તેની માટે સાંચવીને રાખેલું ધનાદિ બધું ઉડાડી દેશે અને સપુત્ર હશે તો તારાથી પણ એ વધુ કમાશે. માટે તારે કાંઈ ભેગું કરવાની જરૂર નથી.

અહીં કહે છે કે જેમ વહાણમાં છિદ્ર પડયાં તે સમુદ્રમાં ડૂબવાનું કારણ થાય છે તેમ, આ રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાનના છિદ્ર પડયાં છે તે તને સંસારમાં ડૂબાડશે. (આમ ધર્મી પોતાની જાતને સમજાવે છે તે આસ્રવભાવના છે.)

હવે આઠમી સંવરભાવના કહે છે.

कर्मास्रवनिरोधोऽत्र संवरो भवति ध्रुवम् ।
साक्षादेतदनुष्ठानं मनोवाकायसंवृतिः ॥५२॥

કર્મોનું આવતાં અટકી જવું તે સંવર છે. મન, વચન, કાયાનું જે સંવરણ (સ્વાધીન) કરવું તે સંવરનું આચરણ છે. સંવરણ એટલે સ્વાધીનપણાની જે દશા પ્રગટ કરવી તે સંવર છે.

શુદ્ધ ચૈતન્ય આત્માની દૃષ્ટિ અને ભાવના કરતાં નવા કર્મો આવતાં નથી તેને વ્યવહારથી કર્મોને આવતાં અટકાવ્યા કહેવાય છે. બે હાથ જોડવાથી કાંઈ આસ્રવો રોકાતાં નથી તેમ જ નિમિત્તોને છોડવાથી પણ આસ્રવ રોકાતો નથી. શુદ્ધ ધ્રુવ ચૈતન્યસ્વરૂપની દૃષ્ટિ અને તેમાં એકાકાર થવાની ભાવનાથી નવા આવરણો—આસ્રવો આવતાં રોકાય છે. કર્મોને આવતાં અટકાવવાનો આ એક જ ઉપાય છે. બીજો કોઈ ઉપાય નથી.

હાથ જોડીને સામાયિકના પચ્ચખાણ લે અને મન તો ક્યાંય બહાર ફરતું હોય તો કાંઈ આસ્રવો રોકાતાં નથી. અરે! શુભભાવ હોય તોપણ આસ્રવો રોકાતાં નથી. શુદ્ધભાવ હોય તો જ આશ્રવો રોકાય છે.

એક સાસરો અને વહુ હતાં. સાસરા સામાયિકમાં બેઠા હતાં પણ વહુ જાણતી હતી કે તેનું મન બીજે ફરે છે. બહારથી કોઈએ પૂછ્યું કે તમારાં સાસરા શું કરે છે? તો કહે કે ઢેઢવાડે ગયા છે. કેમ એમ કહ્યું?—કે તે વખતે સસરાજીને હરિજનને ત્યાં ઉઘરાણી લેવા જવું છે એ જ વિચાર ચાલતાં હતાં. હવે બોલો! આવી સામાયિકમાં સંવર થાય ખરો? શુભભાવ હોય તો શુભ આસ્રવ થાય અને અશુભભાવ હોય તો અશુભ આસ્રવ થાય પણ સંવર ન થાય. સંવર તો જ્યારે મિથ્યાત્વ, કષાય આદિથી રહિત થઈને ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષાના ચિંતવનમાં તથા પરિષહોને જીતવામાં લીન હોય છે તે વખતે સંવર થાય છે.

આ સંવરભાવના થઈ. હવે નિર્જરાભાવના કહે છે!—

निर्जरा शातनं प्रोक्ता पूर्वोपार्जितकर्मणाम् ।
तपोभिर्बहुभि सा स्याद्वैराग्याश्रितचेष्टितैः ॥५३॥

શ્રીમદ્ રાજચંદ્ર ગૃહસ્થાશ્રમમાં હતાં પણ કેવી ભાવના કરતાં હતાં—

એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘ-સિંહ સંયોગ જો;
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતાં,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો...અપૂર્વ અવસર....

શ્રીમદ્ બત્રીસ વર્ષની ઉંમરે આવી ભાવના કરે છે કે સ્મશાનમાં હું એકલો ધ્યાનમાં રહું, ત્યાં વાઘ અને સિંહ હોય તોપણ મારું આસન તો ન ડગે પણ મનમાં ક્ષોભ પણ ન ઊપજે; જાણે એ તો પરમમિત્રનો યોગ થયો! મર્યા પછી તો સ્મશાનમાં શરીરને લઈ જાય છે પણ હું તો જીવતાં જ સ્મશાનમાં જઈને ધ્યાન ધરીશ.

અરે! મને ગજસુકુમાર જેવી ઘડી હજો. કૃષ્ણના નાના ભાઈ સુકોમળ શરીરવાળા ગજકુમારને તેના સાસરાએ માથા ઉપર અગ્નિની સગડી કરી હતી. અહા! એવી ઘડી મને હજો. એ પળ, એ દિવસ મારા આત્મા માટે ધન્યદિવસ અને ધન્યઘડી હશે. શરીર મારું નથી, મારે જોઈતું નથી તેને વાઘ આદિ લઈ જાય તો તે તો મારા પરમમિત્ર થશે! ગૃહસ્થાશ્રમમાં બેઠા આવી ભાવના? હા. જેની દૃષ્ટિ સિદ્ધ ઉપર પડી અને સિદ્ધ જેવો જ મારો આત્મા પણ નિર્મળાનંદ કેવળજ્ઞાનનો કંદ છે એમ શ્રદ્ધા થઈ ગઈ; મારામાં અને સિદ્ધમાં કાંઈ ફેર નથી; શરીર, વાણી, વિકલ્પનો સંગ મારી ચીજમાં નથી—આમ જેને પોતાના સિદ્ધસ્વભાવની દૃષ્ટિ થઈ છે તેને આવી ભાવનામાં સંવર અને નિર્જરા થાય છે.

પહેલાં સંચિત થયેલાં કર્મોનો એકદેશરૂપ નાશ થવો તે નિર્જરા છે. અંદરની શુદ્ધતાની ઉગ્રતાની ઉજ્જવળતા થાય ત્યારે આવી નિર્જરા થાય છે. તેમાં અનશન અવમોદર્ય આદિ તપ નિમિત્તરૂપે હોય છે. તેને સંસાર અને દેહ પ્રત્યેનો વૈરાગ્ય હોય છે એટલે ધર્મીજીવ વારંવાર નિર્જરાની ભાવના કરે છે.

હવે લોકભાવનાનું સ્વરૂપ કહે છે :—

लोकः सर्वोऽपि सर्वत्र सापायस्थितिरध्रुवः ।
दुःखकारीति कर्तव्या मोक्ष एव मतिः सताम् ॥ ५४ ॥

આ સમસ્ત લોક વિનાશીક અને અનિત્ય છે તથા અનેક પ્રકારનાં દુઃખોનો કરવાવાળો છે. એમ વિચાર કરીને ઉત્તમ પુરુષોએ સદા મોક્ષ તરફ જ બુદ્ધિ લગાવવી જોઈએ.

આ લોકમાં અનંતા પરિભ્રમણ કર્યાં તેમાં પૂર્વે માતા હતી તે સ્ત્રી થાય છે.

સ્ત્રી માતા થાય છે, દુશ્મન હતો તે મિત્ર થાય છે, મિત્ર દુશ્મન થાય છે, બીજાં ભવોમાં આંખની ઓળખાણ પણ રહેતી નથી. એ રીતે પરિભ્રમણ કરી રહ્યો છે તેવું ભ્રમણ થાય તેવી વૃત્તિ છોડી મોક્ષને સાધ્ય બનાવ! કયારે હું પરિભ્રમણથી મુક્ત થઈને પૂર્ણમુક્તિને પામું! આમ, બંધન અને વિકારથી છૂટવા તરફ બુદ્ધિને પ્રેરણા આપવી તે લોકભાવના છે.

હવે બોધિદુર્લભભાવનાનું સ્વરૂપ કહે છે :—

रत्नत्रयपरिप्राप्तिर्बोधिः सातीवदुर्लभा ।
लब्धा कथं कथञ्चिच्चेत्कार्यो यत्नो महानिह ॥ ५५ ॥

અહો! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ રત્નત્રયની જે પ્રાપ્તિ છે તેનું નામ જ બોધિ છે. આ બોધિની પ્રાપ્તિ સંસારમાં અત્યંત કઠિન છે. અનંતકાળ તો જીવ નિગોદમાં ગાળે છે. જેમાંથી ત્રસ થવું પણ દુર્લભ છે. જુઓને! આ લીલોતરી ફાલી છે તેમાં એક એક કટકીમાં અસંખ્ય જીવ છે. એવી તો ઢગલાબંધ લીલોતરી છે.

હવે વિચાર કરો કે આ એકેન્દ્રિય જીવ મનુષ્ય કયારે થાય! બેઇન્દ્રિય થવું પણ ચિંતામણિ મળવા તુલ્ય દુર્લભ કહ્યું છે તો એ કયારે ઇયળ થાય, વળી મનુષ્ય કયારે થાય તેમાંય આર્યપણું કયારે મળે, નીરોગતા અને લાંબું આયુષ્ય કયારે મળે તેમાંય સત્સમાગમ અને સત્શ્રવણનો યોગ એથી પણ દુર્લભ છે. એ મળ્યા પછી પણ મહાન ચૈતન્યરતને સમ્યગ્દર્શન રત્ન વડે પ્રતીતમાં લેવું એ અનંતકાળે જીવને બહુ દુર્લભ છે. જૈનનું સાધુપણું લીધા છતાં દ્રવ્યલિંગીમુનિને આ સમ્યક્ત્વ પામવું દુર્લભ છે. સમ્યક્ત્વની જેમ સ્વરૂપમાં લીનતા એ પણ મહાપ્રયત્નના ફળમાં પ્રાપ્ત થાય છે.

રત્નત્રયની પ્રાપ્તિ દુર્લભ કહી છે પણ પાંચ-પચાસ લાખનું મળવું કે ઇન્દ્ર, ચક્રવર્તીનું પદ મળવું દુર્લભ છે એમ નથી કહ્યું. એક ચૈતન્યરત્નની પ્રતીતિ, જ્ઞાન અને સ્થિરતા ત્રણેકાળમાં દુર્લભ છે.

તત્ત્વજ્ઞાન-તરંગિણીમાં બીજી રીતે દુર્લભતા બતાવી છે કે પૈસા, સ્ત્રી, પુત્રાદિ મળવા બહુ દુર્લભ છે કેમકે એ કાંઈ તારે આધીન નથી. પૂર્વના પુણ્ય હોય તો જ મળે છે. તું એમ માન કે હું પ્રયત્નથી મેળવી શકું છું તે વાતમાં માલ નથી. પૂર્વના પુણ્યના પરમાણુનો સહારો હોય તો જ એ બધું મળે છે જ્યારે ધર્મ પ્રાપ્તિ માટે

પુણ્યના પરમાણુની તો નહિ પણ રાગ અને નિમિત્તની પણ જરૂર નથી. ધર્મ એટલો સ્વાધીન છે માટે સુલભ છે.

જુઓ ! એક તરફ ધર્મને દુર્લભ અને ધનાદિને સુલભ કહ્યાં અને બીજી તરફ ધર્મને સુલભ અને ધનાદિને દુર્લભ કહ્યાં તે બંનેમાં જુદી જુદી અપેક્ષા છે તે સમજવી જોઈએ.

સાધક સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પામ્યો છે છતાં ત્રણેયની એકતા અને સ્થિરતાની ભાવના કરે છે તે બોધિદુર્લભભાવના છે. બોધિની પ્રાપ્તિ પછી તેની રક્ષા માટે પણ મહાપ્રયત્ન જોઈએ છે. માટે ભવ્યજીવોએ કદાપિ પ્રમાદ ન કરવો અને રત્નત્રયની બરાબર રક્ષા કરવી. આ પ્રકારનું ચિંતવન કરવું તે બોધિદુર્લભભાવના છે.

હવે છેલ્લી બારમી ધર્મભાવનાનું સ્વરૂપ આચાર્યદેવ કહે છે :—

निजधर्मोयमत्यन्तं दुर्लभो भविनां मतः ।
तथा ग्राह्यो यथा साक्षादामोक्षं सह गच्छति ॥ ५६ ॥

સંસારમાં પ્રાણીઓને જ્ઞાનાનંદસ્વરૂપ નિજધર્મનું પ્રાપ્ત થવું અત્યંત કઠિન છે માટે આ ધર્મ એવી રીતે ગ્રહણ કરવો જોઈએ કે મોક્ષપર્યંત તેનો સાથ રહે.

આમાં ધર્મ કોને કહ્યો ? વ્રત, દયા, દાન, ભક્તિને તો ધર્મ કહેતાં નથી તો ધર્મ શું છે ?—કે જ્ઞાનાનંદસ્વરૂપ નિજસ્વભાવનો આનંદ લેવો તે ધર્મ છે. અનુભૂતિ જેવો જગતમાં કોઈ આનંદ નથી. તેની પ્રાપ્તિ બહુ દુર્લભ છે. શુભભાવથી નવમી ગ્રૈવેયક જવું દુર્લભ નથી પણ ધર્મ પામવો મહાદુર્લભ છે.

શ્રાવકના અનુષ્ઠાનમાં આ વાત આવી છે. વિકારી પરિણામ એ કાંઈ દુર્લભ નથી. એ તો પરધર્મ છે, સ્વધર્મ નથી. સ્વધર્મ અત્યંત કઠીન છે. જિનેન્દ્રનો કહેલો આ આત્મસ્વભાવ રત્નત્રયસ્વરૂપ તથા ઉત્તમક્ષમાદિસ્વરૂપ ધર્મ એવી દૃઢતાથી ધારણ કરવો જોઈએ કે મોક્ષપર્યંત તેનો સાથ બન્યો રહે, વચ્ચે વિઘ્ન ન પડે. અપ્રતિહતદશાથી કેવળજ્ઞાન લીધે છૂટકો એવી રીતે ધર્મની ભાવના કરવી જોઈએ.

दुःखग्राहगणाकीर्णे संसारक्षारसागरे ।
धर्मपोतं परं प्राहुस्तारणार्थं मनीषिणः ॥ ५७ ॥

ગણધર આદિ મહાપુરુષો કહે છે કે અનેક પ્રકારના દુઃખરૂપી જંતુઓથી વ્યાપ્ત આ સંસારરૂપી ખારા સમુદ્રમાંથી પાર કરવાવાળું આ ધર્મરૂપી જહાજ જ છે માટે સંસારથી તરવાની ભાવનાવાળા ભવ્યજીવોએ આ ધર્મરૂપી જહાજનો આશ્રય અવશ્ય લેવો જોઈએ.

अनुप्रेक्षा इमाः सद्भिः सर्वदा हृदये धृताः ।
कुर्वते तत्परं पुण्यं हेतुर्यत्स्वर्गमोक्षयोः ॥ ५८ ॥

આ બાર ભાવના ભાવનારને જેટલો વિકલ્પ રહે છે તે પુણ્યનું કારણ છે તેનાથી સ્વર્ગ મળે છે અને જેટલી અંતર્દષ્ટિપૂર્વક શુદ્ધિ થાય છે તેનાથી સંવર-નિર્જરા થાય છે તે મોક્ષનું કારણ છે. નિમિત્તથી પુણ્ય અને ઉપાદાનથી ધર્મ આ બંને મોક્ષનું કારણ છે.

હવે ૫૯મા શ્લોકમાં મુનિરાજ કહે છે કે ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય આ દશ મુનિના ધર્મો છે તે શ્રાવકે પણ પોતાની શક્તિ અનુસાર અને શાસ્ત્ર અનુસાર જરૂર પાલન કરવા જોઈએ.

૬૦મા શ્લોકમાં નિશ્ચય-વ્યવહારની સંધિ કરે છે. ચિદાનંદ ચૈતન્યસ્વરૂપ આત્મા તો અંતઃતત્ત્વ છે અને તેના આશ્રયે થયેલો નિજધર્મ તે નિશ્ચયધર્મ છે તથા સમસ્ત પ્રાણીઓમાં દયા તે બાહ્યતત્ત્વ છે—શુભરાગ છે—વ્યવહારરત્નત્રયનું એક અંગ છે. આ નિશ્ચય અને વ્યવહાર બંને તત્ત્વોના મળવાથી મોક્ષ થાય છે. મોક્ષમાર્ગ બે કહ્યા છે ને ! એક શુદ્ધ ઉપાદાનદશા અને બીજું નિમિત્ત આ બંને હોય છે. માર્ગ તો એક જ છે પણ સાથે નિમિત્તનું જ્ઞાન કરાયું છે. માટે મોક્ષાભિલાષી ભવ્યજીવોએ આ બંને નિશ્ચય-વ્યવહાર જેમ છે તેમ સમજવું જોઈએ.

કર્મોથી અને કર્મના કાર્યોથી સર્વથા ભિન્ન—કર્મોના કાર્યમાં રાગ-દ્વેષ અને વ્યવહાર પણ આવી જાય છે તેનાથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ, અવિનાશી અને આનંદ-સ્વરૂપ સ્થાનને દેવાવાળા આત્માનું જ્ઞાનીઓએ સદા ચિંતવન કરવું જોઈએ.

આ રીતે શ્રી પદ્મનંદિ આચાર્યે આ 'ઉપાસકસંસ્કાર'ની રચના કરી છે. જે પુરુષોની પ્રવૃત્તિ આ શ્રાવકાચાર અનુસાર છે તેને નિર્મળધર્મની પ્રાપ્તિ થાય છે.

આ રીતે 'ઉપાસક સંસ્કાર' અધિકાર અહીં પૂરો થાય છે. —×—

## * તું પરમાત્મસ્વરૂપ જ છો *

* વીતરાગીદેવ ફરમાવે છે કે તું પરમાત્મસ્વરૂપ જ છો એમ દૃષ્ટિ કર. પ્રભુ ! સર્વજ્ઞદેવ કહે છે કે મારા સ્વભાવમાં ને તારા સ્વભાવમાં આંતરો—તફાવત છે જ નહીં. વ્યક્તરૂપે અમને જે દશા પ્રગટ થઈ છે તેવડો જ તું છો. પ્રભુ ! મારા ને તારા સ્વભાવમાં કાંઈ ફેર નથી પણ તારા સામર્થ્યની તને ખબર નથી ભાઈ ! —પૂજ્ય ગુરુદેવ

ભગવાનની વાણીમાં આવેલો

# * સ્વતંત્રતાનો ઢંઢેરો *

[ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૦ )

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની આ ૫૭મી ગાથા ચાલે છે.

દરેક દ્રવ્ય તેના ગુણ-પર્યાયથી સહિત હોય છે. તેમાં જીવદ્રવ્યનું કથન આવી ગયું કે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ગુણ અને નર, નારકાદિ વિભાવપર્યાય અને સિદ્ધત્વાદિ સ્વભાવપર્યાયથી જે સહિત છે તે જીવદ્રવ્ય છે. હવે પુદ્‌ગલદ્રવ્યની વાત કરે છે.

પુદ્‌ગલના પરમાણુ છે તે પુદ્‌ગલદ્રવ્ય છે તેમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણો છે. ગુણો સ્વાભાવિક છે તે હંમેશા દ્રવ્યમાં રહે છે અને એક વર્ણથી વર્ણાંતર થવું, એક રસમાંથી બીજાં રસરૂપે થવું એ તેની સ્વભાવપર્યાય છે. તેનો અર્થ શું થયો ?—કે પરમાણુનો પર્યાય પરમાણુથી બદલે છે, આત્માથી બદલતો નથી.

પરમાણુ એકલો હોય ત્યારે તે શુદ્ધદ્રવ્ય કહેવાય છે તેના ગુણો પણ શુદ્ધ છે અને તેની પર્યાય પણ શુદ્ધ છે પણ જ્યારે બે કે બેથી વધારે પરમાણુ ભેગા થઈને સ્કંધ બને છે ત્યારે તેને અશુદ્ધ કહેવાય છે. તેની સ્કંધની પર્યાયને વિભાવવ્યંજનપર્યાય કહેવાય છે. દા. ત. આ શરીર છે તે એક સ્કંધ છે તેના આકારને વિભાવ-વ્યંજનપર્યાય કહેવાય છે. તે પરમાણુની વિભાવ અવસ્થા પણ પરમાણુથી થઈ છે, જીવથી થઈ નથી.

શરીરની જેમ દરેક સ્કંધમાં જુઓ. આ રૂપિયાની નોટ છે તે તેના પરમાણુની વિભાવવ્યંજન પર્યાય છે. જીવના પુણ્યના ઉદયથી એ નોટ બની નથી. તો પ્રશ્ન થાય કે પુણ્યકર્મનું શું થયું ?—ભાઈ ! પુણ્યકર્મ એ પણ કર્મના પરમાણુની વિભાવપર્યાય છે. એક વિભાવપર્યાય બીજી વિભાવપર્યાયને કરતી નથી—પુણ્યકર્મની પર્યાય પૈસાની પર્યાયને કરતી નથી. પૈસાના સ્કંધ તેના પોતાથી થયેલ છે.

અનેક પરમાણુનો મળેલો એક સ્કંધ બીજાં સ્કંધથી થતો નથી કે બીજાં જીવથી થતો નથી. શરીર, લાડુ, દાળ, ભાત એ બધાં સ્કંધો છે તે પોતપોતાથી થયેલાં છે તેને બીજું દ્રવ્ય કરી શકતું નથી. જુઓ ! આ આંગળી છે તે એક સ્કંધ છે એટલે પુદ્‌ગલની વિભાવવ્યંજનપર્યાય છે તે પુદ્‌ગલથી થઈ છે, જીવથી થઈ નથી કે

કર્મથી પણ થઈ નથી. તો શું કર્મને કાઢી નાંખ્યા?—ના. કર્મને કર્મરૂપે રાખ્યાં છે. કર્મ પણ પુદ્ગલની વિકારી વિભાવવ્યંજનપર્યાય છે, તેના વડે શરીરમાં કાંઈ ફેરફાર થઈ શકે નહીં. આ પગ ચાલતાં નથી તે પગના પરમાણુની પર્યાય છે, કર્મનું કાર્ય નથી. પૂર્વે આત્માએ મૂર્ખાઈથી અશુભભાવ કર્યા હતાં તેનાથી કર્મ બંધાયા અને તેનું આ ફળ આવ્યું છે એમ નથી.

શ્રોતા:—શાસ્ત્રમાં વાત તો એમ આવે છે!

પૂજ્ય ગુરુદેવ:—એ નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. વસ્તુ એમ નથી. એક દ્રવ્યથી બીજા દ્રવ્યની પર્યાય થતી નથી. પગ એ પગના પરમાણુની વિભાવવ્યંજનપર્યાય છે તે જીવની કે કર્મની પર્યાય નથી. પગની પર્યાયનો કર્તા તે સ્કંધ પોતે છે. અનેક પરમાણુઓને મળેલો એક સ્કંધ તેનો જે આકાર છે તે વિભાવવ્યંજનપર્યાય છે. તેમાં જે વર્ણ, ગંધ, રસાદિ ગુણો છે તેને વિભાવગુણ કહ્યાં છે અને તેનું વર્ણથી બીજા વર્ણરૂપે થવું, ગંધથી બીજી ગંધરૂપે થવું, રસથી રસાંતર થવું તે તેની વિભાવ-ગુણપર્યાય છે. તે પર્યાય સ્કંધની છે, સ્કંધમાં છે અને સ્કંધને લઈને છે.

આ મંદિર છે તે અનેક સ્કંધોનું બનેલું છે તે એક એક સ્કંધ અનેક પરમાણુઓનો વિભાવવ્યંજનપર્યાય છે. તે પર્યાય એ પરમાણુથી થઈ છે. કડિયાથી કે બીજા કોઈથી થઈ નથી. કડિયામાં જ્ઞાન છે પણ જડના કાર્યને જ્ઞાન કરતું નથી, જ્ઞાનથી જ્ઞાનનું કાર્ય છે. જો જ્ઞાનવાળા દ્રવ્ય જ કામ કરતાં હોય તો તો જગતમાં જડ ... ા,બત ન થાત. જ્ઞાનથી જ્ઞાન થાય પણ જડનું કાર્ય જડથી જ જાય. આ કાપડનો ટૂકડો છે તે અનેક પરમાણુની વિભાવપર્યાય છે તે પરમાણુથી થઈ છે, કોઈના હાથથી કે જીવથી એ પર્યાય થઈ નથી.

મતિજ્ઞાનાવરણી કર્મ બંધાય છે તે જીવે મતિની હીનતા કરી માટે બંધાણા છે એમ નથી. એ કર્મ પરમાણુની વિભાવવ્યંજનપર્યાય છે. એ સ્કંધની અવસ્થા સ્કંધથી થઈ છે, જીવથી નહિ એમ કહે છે.

દરેક પદાર્થ સ્વતંત્ર છે. પરમાણુ પણ એક દ્રવ્ય છે માટે તે પણ સ્વતંત્ર છે. આ ત્રિલોકનાથ તીર્થંકરદેવના જ્ઞાનમાં જણાયેલી વાત છે. પુદ્ગલનું આવું સ્વરૂપ ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે. પુદ્ગલ પરમાણુ છૂટો છે તે શુદ્ધ દ્રવ્ય છે તેના ગુણ-પર્યાય પણ શુદ્ધ છે, અને એવા પરમાણુ બે કે તેથી વધારે મળીને સ્કંધ બને છે તેના ગુણને વિભાવિકગુણ કહેવાય છે અને તેની પર્યાયને વિભાવપર્યાય કહેવાય છે, તે વિભાવિક પર્યાય એ સ્કંધને લઈને છે. બીજા સ્કંધને લઈને આ સ્કંધની પર્યાય થઈ નથી તો જીવથી તો કેવી રીતે થાય?

જીવે કર્મ બાંધ્યા અને જીવે કર્મ છોડયાં એમ કહેવાય છે તેમાં નિમિત્તનું જ્ઞાન કરાવ્યું છે. ખરેખર કર્મ એ તો પુદ્‌ગલની વિભાવવ્યંજનપર્યાય છે માટે તે પુદ્‌ગલનું સ્વરૂપ છે અને પુદ્‌ગલનું કાર્ય છે તેનો કર્તા જીવ નથી. જીવના અસ્તિત્વથી કર્મનું અસ્તિત્વ નથી.

આ અક્ષર લખાય છે ને! એ અક્ષર અનંતા પરમાણુનો સ્કંધ છે. માટે તે વિભાવિકદ્રવ્ય છે તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ વિભાવિકગુણ છે અને તેની પર્યાય એ વિભાવિકવ્યંજનપર્યાય છે. તે સ્કંધથી થઈ છે, આત્માથી કે આંગળીથી થઈ નથી. તેનું અસ્તિત્વ આત્માના અસ્તિત્વથી છે એમ નથી.

જુઓ! આ ૫૭મી ગાથામાં ભગવાને શું કહ્યું છે? કે—**तं परियाणहि दव्वु तुहुँ जं गुण–पज्जय–जुत्तु** । દરેક પદાર્થ પોતાના ગુણ-પર્યાય સહિત છે એમ તું જાણ! આત્મા પોતાના જ્ઞાનાદિ અનંત ગુણ અને તેની શુદ્ધ-અશુદ્ધ પર્યાયથી સહિત દ્રવ્ય છે તે પોતાના કારણે છે અને પરમાણુ પોતાના વર્ણાદિ ગુણ અને તેની પર્યાયથી સહિત દ્રવ્ય છે એ પણ પોતાથી છે.

શરીર પુદ્‌ગલનો એક સ્કંધ છે તે પણ પોતાથી છે. શરીર વિભાવદ્રવ્યવ્યંજન પર્યાય છે, તેના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ વિભાવગુણ છે અને તેની અવસ્થા વિભાવિક પર્યાય છે. તે આત્માના દ્રવ્ય, ગુણ કે પર્યાય નથી, પણ પુદ્‌ગલના છે એમ જાણ! ભગવાને આમ કહ્યું છે. પણ આને એવું ઘૂંટાઈ ગયું છે કે 'આ શરીર મારું છે.' ઊંધા એકડાં ઘૂંટાઈ ગયા છે.

આ તો સાદી સીધી સમજાય તેવી વાત છે. આ કાંઈ વકીલાતની વાતો નથી કે વેપારીને ન સમજાય. શરીર એ પુદ્‌ગલનો વિભાવદ્રવ્ય છે, વિભાવગુણ અને વિભાવવ્યંજનપર્યાય છે એમ જાણ! તે આત્માથી છે કે આત્માનું છે એમ કહ્યું નથી.

ત્રણલોકના નાથ કેવળજ્ઞાની તીર્થંકરદેવે સો ઇંદ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં આમ ફરમાવ્યું છે કે દરેક પદાર્થ પોતાના ગુણ-પર્યાયયુક્ત છે, બીજાંના ગુણ-પર્યાયથી સહિત નથી એમ **परियाणाहि** એટલે બરાબર જાણ એમ કહ્યું છે. માત્ર જાણ એમ ન કહ્યું. લક્ષ કરીને બરાબર જાણ એમ કહ્યું છે. જાણનારને લક્ષ કરીને જાણ અને અન્યનું સ્વરૂપ પણ જેમ છે તેમ જાણ!

હું આત્મા, મારા જ્ઞાન, આનંદ આદિ ગુણ અને પર્યાયથી સહિત છું એમ જાણ અને સાથે એ પણ જાણ કે આ શરીરાદિ સ્કંધો આ પ્રમાણે છે. જુઓ! જાણવાનું કહ્યું છે, કાંઈ કરવાનું કહ્યું નથી.

જીવના રાગથી કર્મ બંધાયા એમ કહ્યું છે ત્યાં કર્મ બંધાયા એ વખતે નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવ્યું છે. કર્મના બંધનની પર્યાય તો કર્મથી જ થઈ છે તેને આત્મા કરી શકતો નથી. આત્માના કારણે કર્મનો બંધ નથી અને કર્મબંધના કારણે વિકાર નથી. જ્ઞાનાવરણીનો ઉદય હતો માટે જ્ઞાનની પર્યાય હીણી થઈ છે એમ નથી. જ્ઞાનની હીણી દશા આત્માથી થઈ છે, કર્મથી નહિ. હીણી પર્યાય હો કે પૂરી પર્યાય હો તેનાથી સહિત જીવ દ્રવ્ય પોતે છે. હીણી પર્યાય છે માટે તેનો કર્તા કર્મ છે એમ નથી.

આ દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન ઘટી ગયું છે એટલે બધા વાંધા ઊઠયાં છે. સાંભળનારને પણ ખબર નથી અને કહેનારને પણ દ્રવ્ય, ગુણ, પર્યાયના યથાર્થ સ્વરૂપની ખબર નથી એટલે ગોટા ઊઠયાં છે. ભગવાન તીર્થંકરદેવે છ દ્રવ્ય જોયાં—તેમાં અનંતા જીવ જોયાં. અનંતા પરમાણુ જોયાં, અનંતા રજકણના સ્કંધો જોયાં, અને બીજા ચાર અરૂપી દ્રવ્યો જોયાં તેની વાત પછી રાખીએ. જીવને ભગવાને કેવો જોયો?—કે જીવને તેના જ્ઞાન-દર્શનાદિ ગુણો અને પર્યાય સહિત જોયો. સિદ્ધની પૂર્ણ પર્યાય પ્રગટ થઈ હોય તો પૂર્ણ પર્યાય સહિત દ્રવ્ય છે અને અપૂર્ણ પર્યાય હોય, વિકાર હોય તો તેનાથી સહિત આત્માને ભગવાને જોયો છે.

પરમાણુને પ્રભુએ શુદ્ધગુણ અને શુદ્ધપર્યાય સહિત જોયા છે અને સ્કંધો વિભાવિકદ્રવ્યવ્યંજનપર્યાય, વિભાવિકગુણ અને વિભાવિકપર્યાયસહિત છે તો તે સહિત ભગવાને સ્કંધોને જોયા છે. છૂટા પરમાણુ સિવાયના બધાં સ્કંધો જ છે. આ નાક, કાન, મોઢું. લાડવા, દાળ-ભાત, સોનું, લોઢું એ બધાં સ્કંધો છે તે સ્કંધના આકારને વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય કહેવાય. તેના ગુણોને વિભાવગુણ અને પર્યાયને વિભાવપર્યાય કહેવાય. સ્કંધ તેના વિભાવગુણ અને વિભાવપર્યાયથી સહિત છે એમ સ્કંધને જાણ! સ્કંધ કોઈ બીજાંના આધારે છે એમ નથી.

એક દ્રવ્યને બીજા દ્રવ્યના આધારે રહેલું ન જો. દરેક દ્રવ્ય પોતાના ગુણ-પર્યાયમાં રહેલું છે એમ જાણ! સ્કંધ તેના વિભાવગુણ અને વિભાવપર્યાય સહિત છે એમ જાણ! હવે પરમાણુની વિશેષ વ્યાખ્યા કરે છે તે સાંભળ!

પરમાણુ શુદ્ધદ્રવ્યમાં એક વર્ણ, એક રસ, એક ગંધ, એક શીત અથવા ઉષ્ણ સ્પર્શ અને એક લૂખો અથવા ચીકણો સ્પર્શ એમ પાંચ ગુણ તો મુખ્ય છે. (અહીં પર્યાયને ગુણ કહ્યાં છે.) તેનાથી માંડીને અસ્તિત્વાદિ અનંતગુણ છે તેને પરમાણુના સ્વભાવગુણ કહેવાય છે અને પરમાણુને જે આકાર છે તે સ્વભાવદ્રવ્યવ્યંજનપર્યાય છે

તથા વર્ણાદિ ગુણરૂપ પરિણમન તે સ્વભાવગુણવ્યંજનપર્યાય છે. આ ઉપર આવી ગયેલી વાતનો જ ખુલાસો છે.

આમ, જીવ અને પુદ્ગલમાં સ્વભાવ અને વિભાવ બંને છે જ્યારે બીજા ચાર દ્રવ્યો—ધર્મ, અધર્મ, આકાશ અને કાળમાં તો સ્વભાવગુણ અને સ્વભાવપર્યાય જ છે, તેમાં વિભાવ છે જ નહિ. આ ચારેય દ્રવ્યોને પણ ભગવાને જ્ઞાનમાં જોયાં છે. ધર્માસ્તિ અને અધર્માસ્તિ લોકપ્રમાણ દ્રવ્ય છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ અને આકાશ એક એક દ્રવ્ય છે અને કાળદ્રવ્ય અસંખ્ય છે. આ ચારેયદ્રવ્ય અસ્તિત્વ, વસ્તુત્વ આદિ પોતપોતાના અનંત સ્વભાવગુણો અને સ્વભાવપર્યાયથી સહિત છે.

જુઓ તો ખરા ! કેટલું સ્પષ્ટ કર્યું છે. સ્વભાવપર્યાય હો કે વિભાવપર્યાય હો તેનાથી દ્રવ્ય સહિત છે એમ કહ્યું છે. આવા સ્વરૂપની ખબર નથી એટલે સ્વતંત્રતાની ગંધ પણ રહી નથી. સ્વભાવપર્યાયનો કર્તા તો બીજું દ્રવ્ય નથી પણ વિભાવપર્યાયનો કર્તા પણ કોઈ બીજું દ્રવ્ય કે ઇશ્વર નથી. વસ્તુ પોતે સ્વતંત્ર છે, તેના ગુણ અને પર્યાય સ્વતંત્ર છે, તેને બીજાના આધારની જરૂર નથી. વીતરાગની આ વાત જગતને મગજમાં બેસવી કઠણ પડે છે.

ભગવાને છએ દ્રવ્યોને તેના ગુણ અને પર્યાયથી સહિત જોયા છે. તેમાં સિદ્ધોને સ્વભાવપર્યાયસહિત જોયા, સંસારીને અપૂર્ણ અને વિભાવપર્યાયસહિત જોયા, પરમાણુને શુદ્ધગુણ અને શુદ્ધપર્યાયસહિત જોયા, સ્કંધને વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય અને વિભાવગુણ-પર્યાયસહિત જોયા તથા બીજાં ચાર દ્રવ્યોને સ્વભાવગુણ અને સ્વભાવપર્યાય સહિત જોયા. આ રીતે, જગતમાં છએ દ્રવ્યો જેમ છે તેમ જાણે તેને 'જ્ઞાન' કહેવાય. જેમ છે તેનાથી વિપરીત જાણે તે અજ્ઞાન છે.

જીવમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની હીણી દશા છે તે જીવથી છે કર્મના કારણે જ્ઞાનની દશા હીણી નથી એમ જાણે તેણે બરાબર જાણ્યું કહેવાય. આમ પ્રગટ રીતે ભગવાન વર્ણવી રહ્યાં છે, સ્પષ્ટ વાત છે. જંગલવાસી દિગંબર સંત યોગીન્દ્રદેવ કહે છે ભગવાને આમ वुत्तु....કહ્યું છે એમ તું જાણ ! આનાથી વિપરીત જાણીશ તો દ્રવ્યનું સ્વરૂપ એવું નથી અને ભગવાને પણ એમ કહ્યું નથી છતાં તું એમ માને છો તો તું ભગવાનને માનતો નથી અને દ્રવ્ય-ગુણ-પર્યાયને પણ માનતો નથી.

परिजाणहि—આમ જાણ ! બધું જાણવાનો તારો સ્વભાવ છે. અત્યારે પણ એક સમયમાં બધું જણાય એવો તારો સ્વભાવ છે. જેમ છે તેમ જાણ તો જ્ઞાન સાચું, નહિ તો જ્ઞાન ખોટું છે. વર્તમાનમાં પુણ્ય-પાપના વિકાર અને મતિજ્ઞાનાદિની હીણી દશા

છે તો તેનાથી જીવ સહિત છે એમ જાણ! પણ હીણી દશા છે માટે તે કર્મથી સહિત છે એમ ન જાણ! આ ઘડો છે તે સ્કંધ છે માટે તે વિભાવદ્રવ્યવ્યંજનપર્યાય છે તે તેના વિભાવગુણ અને વિભાવપર્યાયથી સહિત છે એમ જાણ! તેને કુંભારે બનાવ્યો છે એમ ન જાણ! કુંભારના દ્રવ્ય-ગુણ-પર્યાય કુંભારમાં છે અને ઘડાના દ્રવ્ય, ગુણ, પર્યાય ઘડામાં છે અને કુંભારનું શરીર તેના ગુણ-પર્યાય સહિત છે.

શિષ્યઃ—અરે પ્રભુ! આમાં તો પર સાથેનો બધો સંબંધ છૂટી જાય છે.

પૂજ્ય ગુરુદેવઃ—એ જ કહેવું છે કે કોઈ સાથે તારે સંબંધ નથી અને મફતનો સંબંધ માનીને બેઠો છો. 'કોઈ પર દ્રવ્ય સાથે મારે સંબંધ નથી' આ એક પાઠ હૃદયમાં બેસી જાય તો બધી મિથ્યામાન્યતાનો નિકાલ થઈ જાય તેમ છે.

જુઓને કેટલું કહે છે! પરમાત્મપ્રકાશ છે ને! તારો પરમાત્મા એક દ્રવ્ય છે અને તેમાં અનંતગુણ છે અને તેની વર્તમાન પર્યાય અત્યારે હીણી છે તો હીણી પર્યાય સહિત છે એમ જાણ! પરને લઈને મારી દશા હીણી છે એમ ન જાણ!

નિગોદમાં જીવ છે તે કેવા હશે?—બટાટા, શકરકંદ આદિ કંદમૂળમાં એક કટકીમાં અસંખ્ય શરીર છે અને એક એક શરીરમાં અનંત...અનંત જીવ રહેલાં છે તે દરેક જીવમાં અનંત ગુણ છે અને વર્તમાનદશામાં એકદમ અલ્પજ્ઞતા અને સંકલ્પ-વિકલ્પ છે તો નિગોદનો જીવ તેના અનંતગુણ અને હીણી દશાથી સહિત છે એમ જાણ! તે હીણી દશા કોઈ પરથી નથી, પોતાથી જ છે એમ જાણ! અહીં તો વસ્તુ જેવા સ્વરૂપે વર્તમાનમાં છે તેવા રૂપે જાણ એમ કહ્યું છે.

ભગવાન આત્માનો સ્વભાવ તો બધાંને જાણવાનો છે. જાણવું...જાણવું...જાણવું જેમ છે તેમ જાણવું એવો સ્વભાવ છે. સર્વજ્ઞ ભગવાન પણ જાણવા સિવાય બીજું શું કરે છે! તે પોતાના આત્માને પૂર્ણદશા અને અનંતગુણોસહિત જુએ છે અને બીજાને તેના ગુણ અને પર્યાય સહિત જુએ છે. ભગવાન પોતાના પૂર્ણજ્ઞાનથી જાણે છે અને તું તારા અલ્પજ્ઞાન વડે આમ જાણ!

આ તો બધાં સિદ્ધાંતો છે; પછી તેમાંથી જેટલાં પલાખા કાઢવા હોય તેટલાં નીકળે. ચાર પૈસાનું શેર તો મણના અઢી થાય એમ બધો હિસાબ થઈ શકે. તેમ આ બધાં વસ્તુસ્વરૂપના નિયમો છે તે મંત્રો છે. तं परियाणहि दव्वु तुहुं जं गुणपज्जय जुत्तु। 'તેને તું દ્રવ્ય જાણ! કોને?—જે પોતાના ગુણો અને વર્તમાન અવસ્થાથી સહિત છે તેને તું દ્રવ્ય જાણ!' આમાં બધો ઉકેલ છે. આમાં કોઈ ઉકેલ બાકી રહેતો નથી.

હું મારા ગુણો અને પર્યાયથી સહિત છું એમ જાણ્યું તે પોતાનું જ્ઞાન અને બીજા સર્વ દ્રવ્યો તેના ગુણ અને પર્યાયથી સહિત છે એમ જાણ્યું તે પર સંબંધીનું જ્ઞાન થયું. આમ જાણીને શ્રદ્ધા કરે તેનું નામ ધર્મ—તેનું જ નામ સમકિત અને એ જ સ્વ-પર પ્રકાશક પોતાનું જ્ઞાન છે. જ્ઞાન કરવું એ જ તારું કાર્ય છે. જ્ઞાનની ક્રિયા એ જ તારી ક્રિયા છે. અહો! વીતરાગી સંતોના કથનો અલૌકિક છે! એક શ્લોકમાં બધું ભરી દે છે. ચારે પડખાનું બધું સ્વરૂપ એકમાં સમાવી દે છે. એકમાં પૂરું કરી દે છે. આ ગજબ વાત છે.

આ પાંચમાં શ્લોકમાં છએ દ્રવ્યની વાત આવી ગઈ. છએ દ્રવ્ય પોતપોતાના ગુણ-પર્યાયથી સહિત છે. જીવ અને પુદ્ગલ બેને વિભાવપર્યાય હોય છે બાકીના ચાર દ્રવ્યને તો વિભાવપર્યાય હોતી જ નથી. આકાશને ઘટાકાશ, મઠાકાશ ઇત્યાદિ કહેવાય છે તે ઉપચારમાત્ર છે. ક્ષેત્રમાં આકાશદ્રવ્ય સૌથી મોટું છે પણ તેને પણ તું એક સમયની પર્યાયમાં આખું જાણી લે છે માટે ભાવથી તો તું મોટો છો.

આ છ દ્રવ્યોમાં ઉપાદેય કોણ છે?—કે જે શુદ્ધગુણ અને શુદ્ધપર્યાયથી સહિત છે એવું જીવદ્રવ્ય ઉપાદેય છે. શુદ્ધગુણ અને કેવળજ્ઞાનાદિ નિર્મળ પર્યાય સહિત ભગવાનને ઉપાદેય કરવા જાય છે ત્યાં પોતાનું શુદ્ધદ્રવ્ય ઉપાદેય થઈ જાય છે. આમ, પોતાના શુદ્ધાત્માને ઉપાદેય કરવો તે દ્રવ્ય, ગુણ, પર્યાયને સમજવાનું તાત્પર્ય છે.

આ છ દ્રવ્યની સમુચ્ચય વાત થઈ. હવે એકલા જીવની વાત ૫૮માં શ્લોકમાં યોગીન્દ્રદેવ કરે છે:

अप्पा बुज्झहि दव्वु तुहुँ गुण पुणु दंसणु णाणा।
पज्जय चउ-गइ-भाव तणु कम्म विणिम्मिय जाणु ॥ ५८ ॥

હે આત્મા! તું અનાદિ અનંત એક વસ્તુ છો તેને તું દ્રવ્ય જાણ! અને જ્ઞાન-દર્શનને ગુણ જાણ! ત્રિકાળ દેખવા-જાણવાના સ્વભાવને ગુણ જાણ! ચારગતિના ભાવ અને શરીરને કર્મજનિત વિભાવપર્યાય જાણ! શરીર પુદ્ગલની વિભાવપર્યાય છે તેના નિમિત્તે જીવમાં જે ભાવ થાય છે કે હું મનુષ્ય છું, દેવ છું આદિ ભાવ તે જીવની વિભાવપર્યાય છે તેનાથી સહિત તે જીવદ્રવ્ય છે એમ જાણ!

ભાવાર્થઃ—શુદ્ધનિશ્ચયનયથી આત્મા શુદ્ધ, બુદ્ધ, અખંડ સ્વભાવ છે એમ જાણ! દ્રવ્યે અને ગુણે આત્મા શુદ્ધ છે, એકલો જ્ઞાનનો પિંડ છે માટે આત્મા બુદ્ધ છે, અને એક છે માટે આત્મા અખંડ છે. આવા શુદ્ધ, બુદ્ધ, અખંડસ્વભાવને તું દ્રવ્ય જાણ! તે દ્રવ્યમાં એક દર્શનગુણ છે કે જે દરેક ચીજને ભેદ પાડયા વિના અભેદપણે જુએ છે

તે ચેતનાનો સામાન્ય સ્વભાવ છે અને ચેતનાનો વિશેષ સ્વભાવ જે જ્ઞાનગુણ છે તે દરેક ચીજને તેના ભેદો સહિત જાણે છે. રાગ વિના દરેક વસ્તુને તેના અનેકપણાસહિત જાણે તે જ્ઞાન છે.

ત્રણકાળ, ત્રણલોકને સામાન્યપણે–અભેદ જાણે તે દર્શનગુણ છે અને ભિન્ન–ભિન્નરૂપે જાણવું તે જ્ઞાનગુણ છે. ગળપણ તે ગોળનો ગુણ છે, કડવો તે અફીણનો ગુણ છે, ખારો તે મીઠાનો ગુણ છે તેમ દરેક પદાર્થને સામાન્યપણે દેખવા અને ભેદ પાડીને જાણવા એ તારો ગુણ છે.

આ ચીજ આ છે અને આ બીજી ચીજ છે એમ ભેદ પાડયા વિના મહાસત્તાને માત્ર દેખવી તે દર્શનગુણનું કાર્ય છે અને મહાસત્તાને ભેદ પાડીને જાણવી તે જ્ઞાનગુણનું કાર્ય છે. અહા ! એક ગુણ અભેદને દેખે અને એક ગુણ વિશેષને જાણે આવું તારું દ્રવ્ય કેવડું મોટું છે ! જાણવા અને દેખવાના બે સ્વભાવવાળો તું દ્રવ્ય છો ! તેમાંથી જાણનાર એવા જ્ઞાનગુણની પર્યાયના આઠ પ્રકાર છે જે નીચે પ્રમાણે છે.

જ્ઞાનગુણની પૂર્ણ નિર્મળપર્યાય 'કેવળજ્ઞાન' છે તે પૂર્ણ, અખંડ અને શુદ્ધ છે તે પૂર્ણપણે બધાંને જાણે છે અને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યયજ્ઞાન આ ચાર પર્યાય સમ્યગ્જ્ઞાન છે અને કુમતિ, કુશ્રુત અને કુઅવધિ આ ત્રણ પર્યાય મિથ્યાજ્ઞાન છે. કેવળજ્ઞાનની અપેક્ષાએ આ સાતેય પ્રકારની પર્યાય ખંડિત છે, અખંડ નથી અને સર્વથા શુદ્ધ નથી, અશુદ્ધતા સહિત છે.

કેવળજ્ઞાન એક જ પૂર્ણ છે બાકીના ચાર સમ્યગ્જ્ઞાન અપૂર્ણ છે તથા ત્રણ અજ્ઞાન તો અશુદ્ધતા સહિત છે, વિપરીત છે માટે પરમાત્મામાં તો એ સાતેય પ્રકાર નથી. એકમાત્ર પૂર્ણ, અખંડ અને શુદ્ધ એવું કેવળજ્ઞાન પરમાત્મામાં છે.

આ રીતે આત્મા અને પરમાત્માનું સ્વરૂપ છે તેમ તું જાણ ! દર્શનગુણના પ્રકાર આગળ કહેવાશે... [ ક્રમશઃ ]

* ભાઈ ! શરીરના સંસર્ગ અને પરથી ઉત્પન્ન થતો વિકલ્પ એને તું ભૂલી જા, અનંત જ્ઞાન આદિ અનંત શક્તિઓ રાગને અડતી નથી પણ એક સમયની પર્યાયને પણ અડતી નથી એવો અનંત જ્ઞાનમય અને પરમ આનંદ સ્વભાવી તું છો, તેનો દષ્ટિમાં સ્વીકાર કર. પાંચ-ઇન્દ્રિય તરફનો પ્રેમ છે તે આનંદને ગાળી નાખે છે ને શાન્તિને દઝાડે છે. —પૂજ્ય ગુરુદેવ

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

સમ્યગ્દષ્ટિજીવ ધર્માનુપ્રેક્ષાનો વિચાર વિશેષ શુદ્ધતા માટે કરે છે. પંચમગુણ-સ્થાનમાં એક પછી એક પ્રતિમામાં શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની હાનિ કેમ અને કેટલી હોય છે તેનો વિચાર કરે છે.

હિંસાના કારણરૂપ વણજ વેપારનો રાગ વ્રતી શ્રાવકને હોતો નથી. હિંસાના વ્યાપારીઓ સાથે લેણદેણ વગેરેનો સંબંધ રાખે નહિ. નિમિત્તનો કર્તા-હર્તા નથી પણ એના સંબંધમાં રહે તો વ્રતનો ભંગ થાય છે. એને છોડતાં વ્રતની રક્ષા થાય છે.

હવે દુઃશ્રુતિ નામના પાંચમા અનર્થદંડને કહે છે.

यत् श्रवणं शास्त्राणां भण्डणवशीकरणकामशास्त्राणाम् ।
परदोषाणां च तथा अनर्थदण्डः भवेत् चरमः ॥ ३४८ ॥

જે શાસ્ત્ર જેવા દેખાય છે પણ કુશાસ્ત્ર છે, સર્વજ્ઞ વીતરાગ-કથિત તથા ગણધરાદિ વીતરાગી સંતોએ રચેલાં સુશાસ્ત્રથી જેમાં વિરુદ્ધ કથન છે, તે બધાં કુશાસ્ત્ર છે, તે મિથ્યાજ્ઞાનને પોષે છે માટે સર્વજ્ઞકથિત પૂર્વાપર વિરુદ્ધતારહિત સત્ શાસ્ત્રને જ જ્ઞાની માને છે. તે મિથ્યાશાસ્ત્ર કુદેવ-કુગુરુની વાત સાંભળે પણ નહિ. તેમનો વિનય પણ કરે નહીં.

કોઈએ જિનાગમનું નામ આપ્યું હોય ને અંદર દેવ, ગુરુ, શાસ્ત્ર તથા તત્ત્વનું સ્વરૂપ વિપરીત કહ્યું હોય, મોક્ષમાર્ગનું અનેક વિરુદ્ધતાવાળું કથન હોય એવાં કુશાસ્ત્રોને તે માને નહીં.

વળી હાસ્ય, કુતૂહલ તથા વશીકરણ-મંત્રના શાસ્ત્રો, સ્ત્રીઓની ચેષ્ટાનાં વર્ણનરૂપ કામશાસ્ત્રો વગેરેને સાંભળે નહીં તેમ જ વાંચે નહીં. એનું શીખવું-શીખવવું અનર્થદંડ છે. પરના દોષોની કથા કરવી કે સાંભળવી—તે દુઃશ્રુતિશ્રવણ નામનો પાંચમો અનર્થદંડ દોષ છે.

એકાંત સંસાર-વાસનાથી ભરેલાં કોઈ શાસ્ત્ર સાંભળવા-સંભળાવવા-વાંચવા કે રચવાની દરકાર ધર્મી શ્રાવક કરે નહીં. કુશાસ્ત્રનો વેપાર પણ ન કરે, કારણ કે તેમ કરવાથી વ્રત ભંગ થાય છે.

આગળ અનર્થદંડના કથનને સંકોચે છે.

एवं पञ्चप्रकारं अनर्थदण्डं दुःखावहं नित्यम् ।
यः परिहरति ज्ञानी गुणव्रती सः भवेत् द्वितीयः ॥ ३४९ ॥

બારવ્રતની ભાવના તે સંવર છે. કેમકે નિત્ય જ્ઞાયકસ્વભાવની એકાગ્રતાની ભાવના ભાવે છે. તેમાં જેટલાં અંશે રાગ ટળી શાંતિમય જાગૃતિ રાખે છે તેટલો ધર્મ છે.

જે જ્ઞાની શ્રાવક છે તે ઉપર પ્રમાણેના અનર્થદંડને નિરંતર દુઃખકારી જાણી છોડે છે.

ભાવાર્થ:—આ અનર્થદંડત્યાગ નામનું ગુણવ્રત, અણુવ્રતોનું ઘણું ઉપકારી છે તેથી શ્રાવકોએ તેનું અવશ્ય પાલન કરવું યોગ્ય છે.

આગળ ભોગ-ઉપભોગ ત્રીજા ગુણવ્રતને કહે છે:—

ज्ञात्वा सम्पत्तीः भोजनताम्बूलवस्त्रादीनाम् ।
यत् परिमाणं क्रियते भोगोपभोगं व्रतं तस्य ॥ ३५० ॥

જ્ઞાની રાગ તોડીને પુરુષાર્થની શક્તિ તથા એકાગ્રતાનું જોર દેખે તે મુજબ પ્રતિજ્ઞા લ્યે છે. હઠ કરીને દેખાદેખીથી આવેશમાં આવી જઈને પ્રતિજ્ઞા કરતો નથી પણ સહજ જ્ઞાનમાં સમતા દ્વારા બાહ્ય-આલંબનરૂપ રાગ ઘટાડવાનો પ્રયોગ નિત્ય કરે છે.

જે પોતાની સંપદા-સામર્થ્ય જાણી ભોજન, તાંબુલ, વસ્ત્ર આદિનું દરરોજ પ્રમાણ-મર્યાદા કરે છે તે શ્રાવકને ભોગોપભોગ પ્રમાણ નામનું ગુણવ્રત હોય છે.

જેનો આજીવન ત્યાગ કરે તે યમ અને અમુક કાળની મર્યાદા સુધી ત્યાગની પ્રતિજ્ઞા કરવી તે નિયમ કહેવાય છે.

ભાવાર્થ:—એકવાર ભોગવવામાં આવે તેવાં ભોજનાદિને ભોગ કહે છે તથા વસ્ત્રાદિ વારંવાર ભોગવવામાં આવે છે તેથી તેને ઉપભોગ કહે છે. ત્યાં શક્તિ અનુસાર વિચાર કરી તેનો યમરૂપ ત્યાગ કરે છે. તેમાં હંમેશાની જરૂરિયાત જાણી તે ઉપરાંતનો નિયમરૂપ ત્યાગ કરે છે.

આગળ છતી (મોજુદ) ભોગોપભોગની વસ્તુને છોડે છે તેની પ્રશંસા કરે છે.

यः परिहरति संतं तस्य व्रतं स्तूयते सुरेन्द्रैः ।
यः मनोमोदकवत् भक्षयति तस्य व्रतं अल्पसिद्धिकरम् ॥ ३५१ ॥

અર્થ:—જે પુરુષ છતી (પ્રાપ્ત-મોજુદ) વસ્તુનો ત્યાગ કરે છે તેના વ્રતને

દેવોનો ઇન્દ્ર અભિનંદે છે—પ્રશંસે છે તથા અપ્રાપ્ત વસ્તુનો ત્યાગ તો એવો છે કે જેમ લાડુ તો હોય નહિ અને મનમાં સંકલ્પમાત્ર લાડુની કલ્પના કરી લાડુ ખાય તેવો છે. અહીં અણછતી વસ્તુ સંકલ્પમાત્ર છોડવી એ વ્રત તો છે પરંતુ અલ્પસિદ્ધિ દાતા છે અર્થાત્ તેનું ફળ અલ્પ છે.

શુદ્ધ ચિદાનંદનું ભાન કરી વિશેષ જાગૃતિ દ્વારા પરદ્રવ્ય પ્રત્યે રાગ છોડે તે પ્રસંશાયોગ્ય છે. "ન મળે નારી ને થાય બ્રહ્મચારી" એમ નહિ પણ છતી વસ્તુમાં આસક્તિ ટાળી જ્ઞાનાનંદમાં સાવધાન રહેવાની વાત છે. રાગનો ત્યાગ પણ ઉપચારમાત્ર છે. પરનો ત્યાગ તો ઉપચારનો પણ સ્થૂળ ઉપચાર છે. ભાનસહિત નિશ્ચય જ્ઞાતા રહ્યો તે મોક્ષમાર્ગ છે ને ત્યાં શેનો અભાવ હોય છે તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર છે.

પ્રશ્ન:—ભોગોપભોગ પરિમાણને અહીં ત્રીજા ગુણવ્રતમાં ગણ્યું પણ તત્ત્વાર્થસૂત્રમાં તો ત્રીજું ગુણવ્રત દેશવ્રત કહ્યું છે અને ભોગોપભોગ પરિમાણવ્રતને ત્રીજા શિક્ષાવ્રતમાં ગણ્યું છે તેનું શું કારણ?

સમાધાન:—એ આચાર્યોની વિવક્ષાની અનેકતા છે. આશય બધાનો સમાન છે. તેથી વિરોધ નથી. સ્વામીસમંતભદ્રાચાર્યે રત્નકરંડ શ્રાવકાચારમાં પણ અહીં કહ્યું તેમ જ કહ્યું છે. એમાં વિરોધ નથી અહીં તો અણુવ્રતના ઉપકારકની અપેક્ષા લીધી છે અને ત્યાં (તત્ત્વાર્થસૂત્રમાં) સચિત્તાદિ ભોગ છોડવાની અપેક્ષા-મુનિવ્રતની શિક્ષા આપવાની અપેક્ષા લીધી છે એટલે એમાં કાંઈ વિરોધ નથી એ પ્રમાણે ગુણવ્રતનું વ્યાખ્યાન કર્યું.

આગળ મુનિ થવાની ભાવના માટે શિક્ષાવ્રત હોય છે તેનું વ્યાખ્યાન કરે છે. ત્યાં પ્રથમ સામાયિક શિક્ષાવ્રત કહે છે.

सामायिकस्य करणे क्षेत्रं कालं च आसनं विलयः ।
मनोवचनकायशुद्धिः ज्ञातव्या भवन्ति सप्त एव ॥ ३५२ ॥

અર્થ:—પ્રથમ સામાયિક કરવામાં ક્ષેત્ર, કાળ, આસન, લય, મનશુદ્ધતા, વચનશુદ્ધતા અને કાળશુદ્ધતા એ સાત સામગ્રી જાણવા યોગ્ય છે.

શ્રાવક કોને કહે છે તેનો વિચાર ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનવાળા જ્ઞાની પણ કરે છે.

સામાયિક કરનારને અશરીરી અરાગી ચિદાનંદ આત્માનું ભાન તો છે જ. અપૂર્વ અમૃતસ્વભાવનો અનુભવ સમ્યગ્દર્શન વખતે થયો છે પણ વિશેષ શાંતિમય અનુભવ માટે સામાયિકનો અભ્યાસ કરે છે, ને તે દ્વારા સવાર-બપોર-સાંજ એકાગ્રતા

કરે છે. દ્રવ્યાનુયોગ સહિત ભેદજ્ઞાનપૂર્વક વિશેષ શાંતિ થતાં વિકાર કેમ ઘટે છે તેની વાત છે. સ્વભાવનું અવલંબન લે તો જ રાગ ઘટે છે.

यत्र न कलकलशब्द: बहुजनसंघट्टनं न यत्र अस्ति ।
यत्र न दंशादिका: एष प्रशस्त: भवेत देश: ॥ ३५३ ॥

સમ્યક્ત્વપૂર્વક આત્મશાંતિ કરનાર પોતાની રુચિને અંદરમાં લંબાવે છે. બહાર એકાંત જંગલમાં જાઉં તો શાંતિ થાય એમ સંયોગની ભાવના ભાવતો નથી. એકાંત તો અરાગી આત્મામાં છે, પણ પુરુષાર્થની નબળાઈ છે તેથી વ્યવહારે વિચાર કરે છે કે સામાયિક કરવા માટે જ્યાં કલકલાટ શબ્દ ન હોય, ઘણાં લોકોની અવર-જવર ન હોય, ઘોંઘાટ ન હોય, ડાંસ, મચ્છર, કીડી, ભ્રમરાદિ શરીરને બાધાકારી જીવ ન હોય એવું ક્ષેત્ર સામાયિક કરવા માટે યોગ્ય છે. ક્ષેત્રથી લાભ-નુકસાન માનતો નથી. અખંડ આનંદધામ અસંખ્યપ્રદેશી નિર્મળ અનંતગુણનો અક્ષય ભંડાર આ આત્મા જ એકાંત ઉત્તમ ક્ષેત્ર છે—એમ જ માને છે. આ તો સાધકને આવો વિકલ્પ આવે છે તેનું અહીં જ્ઞાન કરાવે છે. ભાવનાપૂર્વક શાંતિમાં અંદર ઠરવા માગે છે. ચિત્તને ક્ષોભકારી સંયોગમાં ઉદ્યમ કરીને જાય નહીં.

पूर्वाह्णे मध्याह्ने अपराह्णे त्रिषु अपि नालिकाषट्कम् ।
सामायिकस्य काल: सविनयनि:स्वेशनिर्दिष्ट: ॥ ३५४ ॥

સવાર, બપોર, સાંજ એ ત્રણે કાળમાં છ-છ ઘડી સામાયિકનો કાળ છે એમ વિનયસહિત નિઃસ્વ એટલે નિષ્પરિગ્રહીના ઈશ્વર ગણધર દેવે કહ્યું છે.

ભાવાર્થ :—ત્રણ ઘડી પાછલી રાત્રિનો તથા ત્રણ ઘડી દિવસ ઉગ્યા પછીનો એમ છ ઘડીનો કાળ પૂર્વાહ્ન કાળ છે, બીજા પહોરની પહેલાંની ત્રણ ઘડીથી માંડી પાછળની ત્રણ ઘડી સુધીનો છ ઘડીનો કાળ મધ્યાહ્ન કાળ છે તથા દિવસની છેલ્લી ત્રણ ઘડીથી માંડીને રાત્રિની ત્રણ ઘડી સુધીનો છ ઘડીનો અપરાહ્ન કાળ છે. એ સામાયિકનો ઉત્કૃષ્ટ કાળ છે. વળી ત્રણે કાળમાં બબ્બે ઘડીનું સામાયિક પણ કહ્યું છે. એ પ્રમાણે ત્રણ કાળમાં છ ઘડી થાય છે.

નિરતિચાર સામાયિક પાળવાની વાત છે જેમાં સ્વભાવના ઉગ્ર અવલંબન વડે શુદ્ધિ વધે છે. પ્રથમ પ્રતિમામાં નિરતિચાર વ્રત હોતા નથી પણ બીજી વગેરે પ્રતિમામાં નિરતિચાર વ્રત હોય છે. ઉપરની પ્રતિમાઓમાં અકષાયનો અંશ વધે છે અર્થાત્ શુદ્ધિની વૃદ્ધિ થાય છે ને સ્વભાવના અવલંબન વડે વિશેષ સ્થિરતા કરે છે. અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાન વરણીય એ બે કષાય ચોકડીનો અભાવ કર્યો છે. તે ઉપરાંત ત્રીજા પ્રત્યાખ્યાન વરણીય કષાયનો રસ ક્રમે ક્રમે મંદ કરે છે. —*— (ક્રમશઃ)

## પૂજ્ય ગુરુદેવશ્રીનાં અત્યંત ઉલ્લાસભર્યા હૃદયોદ્‌ગાર

[ તા. ૧૪-૧૨-૭૭, રાત્રિચર્ચામાંથી ]

નારકીને એટલું દુઃખ છે કે તેના એક સમયના દુઃખને કરોડો જીભથી કરોડો વર્ષ સુધી કહે તોપણ કહી શકાય નહિ. તેમ જીવના એક એક ગુણને એક મિનિટે કે એકએક સમયે કહે તોપણ ત્રણ કાળમાં પૂરેપૂરા કહી શકાય નહિ એટલા અનંત અનંત ગુણો જીવમાં છે, કેમકે ત્રણ કાળના સમય કરતાં આકાશના પ્રદેશો અનંતા છે અને તેના કરતાં પણ અનંતા ગુણો જીવમાં છે. આહાહા! આવો જીવનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ કાળમાં પણ કહી શકાય નહિ એટલા અનંતા ગુણોને ધરનાર દ્રવ્યની પ્રતીતિ એક સમયની પર્યાય કરે છે, એ પર્યાયની તાકાત કેટલી? એ એક સમયના અવિભાગ-પ્રતિચ્છેદ કેટલા? આહાહા! વસ્તુનો સ્વભાવ કેવો છે! આહાહા! એ અનંત ગુણમય દ્રવ્યની શ્રદ્ધા એક સમયની પર્યાય કરે છે, એક સમયની પર્યાયમાં અનંતા ગુણની પર્યાય વેદનમાં આવી જાય છે. આહાહા! આવી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય હોઈ શકે નહિ.

વસ્તુ અનંત સ્વભાવવાળું એક તત્ત્વ છે. પરમાણુ કહેતાં નાનું લાગે પણ એ અનંત સ્વભાવવાળું તત્ત્વ છે, એ જડ હોવા છતાં અનંતી શક્તિવાળું ચમત્કારી તત્ત્વ છે.

ચૈતન્ય ચમત્કારી તત્ત્વનું સામર્થ્ય કેટલું!–એમ અંદરમાં દેખે–પ્રતીત કરે તો ધર્મનો મહેલ થવાનો પાયો ઊભો થાય. વિકલ્પ તૂટ્યા વિના આવી વસ્તુ અંદરમાં બેસે નહિ. વસ્તુ છે તે સીમા રહિત છે, અમર્યાદિત વસ્તુ છે, અક્ષય ને અમેય વસ્તુ છે, એ વસ્તુને શ્રદ્ધામાં લેનારી પર્યાય પણ કદી નાશ ન થાય એવી અક્ષય ને અમેય છે. ભલે અચારિત્રના પરિણામ હોય તોપણ એની શ્રદ્ધાપર્યાયની–જ્ઞાનપર્યાયની એટલી તાકાત છે કે રાગ એમાં નથી, પરદ્રવ્ય એમાં નથી, –એમ જાણી લ્યે છે.

વસ્તુ જ આવા ચમત્કારી સ્વભાવવાળી છે. આકાશનું ક્ષેત્ર અનંત અનંત કે જેનો અંત નથી–એ શું બતાવે છે? પર્યાયની આદિ નથી કે

અંત નથી એ શું બતાવે છે? કેવળજ્ઞાનની પર્યાય એક સમયમાં લોકાલોકને જાણી લ્યે છે. અરે! અનંત લોકાલોક હોય તોપણ તેને જાણવાની સામર્થ્યવાળી એ પર્યાય છે એ શું બતાવે છે?–કે વસ્તુ ચમત્કારી સ્વભાવવાળી છે.

વસ્તુ જ એવી ચમત્કારીક જાદુગરી છે કે તેના ગુણોમાંથી દરેક સમયે પર્યાય પ્રગટયાં જ કરે છતાં પણ તે ગુણમાં ઘટ-વધ ન થાય, એવા ને એવા કાયમ રહે, એ વસ્તુનો ચમત્કાર છે. વિકારી પર્યાય દ્રવ્યમાં સમાય છતાં દ્રવ્યમાં વિકારરૂપ ન રહે એ વસ્તુનો ચમત્કાર છે. એક સૂક્ષ્મ પરમાણુ છતાં તેના ગુણોની એક સમયમાં અનંત પર્યાય! એ કેટલી અનંત?—કે ત્રણકાળનાં સમય કરતાં અનંતગુણી.

આકાશના એક પ્રદેશે અનંત નિગોદના જીવના પ્રદેશ આવે (આખો જીવ ન આવે), અનંત પરમાણુના પ્રદેશ આવે, છતાં એક-બીજાને અડે નહીં કે ભળી ન જાય એ વસ્તુનો ચમત્કારી સ્વભાવ છે. ત્રણ લોકમાં રહેલાં અનંત પરમાણુ જો સૂક્ષ્મરૂપ ધારે તો આકાશના એક પ્રદેશમાં રહી શકે અને તે બધા અનંતા પરમાણુ જો સ્થૂળરૂપ ધારે તો ત્રણલોકમાં પણ સમાઈ શકે નહીં. એક પરમાણુ તીવ્રગતિથી ગમન કરે તો એક સમયે ૧૪ રાજુ એટલે કે સાતમી નરકથી સિદ્ધલોક સુધી ગમન કરી શકે ને મંદગતિથી ગમન કરે તો એક સમયમાં આકાશના એક પ્રદેશથી બીજા પ્રદેશ સુધી ગમન કરે—આવા ચમત્કારી સ્વભાવવાળા દ્રવ્યો છે.

છએ દ્રવ્યો ચમત્કારીક સ્વભાવવાળા છે. અનંત પ્રદેશી એક આકાશમાં જેટલા અનંતા ગુણો છે તેટલાં જ અનંત ગુણો એક પ્રદેશી સૂક્ષ્મ પરમાણુમાં ને કાળાણુમાં છે, એ પદાર્થના પોતાના સ્વભાવની ચમત્કારીકતા છે પણ એના ચમત્કારની એને ખબર નથી. એ બધાના ચમત્કારી સ્વભાવને જાણનાર જીવ છે, એ જાણનાર જીવસ્વભાવના ચમત્કારનું શું કહેવું? વસ્તુ-દ્રવ્ય અક્ષય અમેય છે, એને જાણનાર શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય પણ અક્ષય અમેય છે. આહાહા! શું એની ગંભીરતા! એની ઊંડપનું શું કહેવું?

અરે! આવા ચમત્કારી સ્વભાવની વાત સ્વના લક્ષે સાંભળે તો મિથ્યાત્વના ભૂકા ઊડી જાય એવી આ વાત છે. ❊ ❊

## સુવર્ણપુરી સમાચાર

—તંત્રી, તા. ૨૫-૧-૯૩

✻ **અષ્ટાહ્નિક-ઉત્સવ :—** વિ. સં. ૧૯૯૭માં પ્રતિષ્ઠિત શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરની વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ નિમિત્તે આગામી માઘ વદી-૧૧, તા. ૧૬-૨-૯૩, મંગળવારથી ફાગણ સુદ-૨, તા. ૨૩-૨-૯૩, મંગળવાર —આઠ દિવસ સુધી 'શ્રી સીમંધરાદિ વિંશતિ-વિહરમાન-જિન-મંડલ-વિધાન-પૂજા', જિનેન્દ્રભક્તિ, અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

✻ **શ્રી પંચમેરુ-નંદીશ્વરનો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ :—** શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો નવમો વાર્ષિક પ્રતિષ્ઠાદિન, ફાગણ સુદ-૩, બુધવાર, તા. ૨૪-૨-૯૩ થી ફાગણ સુદ-૭, રવિવાર, તા. ૨૮-૨-૯૩ —પાંચ દિવસ સુધી 'શ્રી પંચકલ્યાણકપૂજન-વિધાન', નંદીશ્વરજિનભક્તિ આદિ વિશેષ કાર્યક્રમ સહિત ઉજવવામાં આવશે.

✻ **નંદીશ્વર-અષ્ટાહ્નિકા :—**શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૧-૩-૯૩, સોમવારથી તા. ૮-૩-૯૩, સોમવાર સુધી ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા 'શ્રી પંચમેરુ-નંદીશ્વર-વિધાનપૂજા' તેમ જ ભક્તિ આદિ સહિત ઉજવવામાં આવશે.

✻ **પરમાગમમંદિર-પ્રતિષ્ઠાદિન :—**ફાગણ સુદ-૧૩, શનિવાર, તા. ૬-૩-૯૩ના રોજ શ્રી મહાવીર-કુંદકુંદ-દિગંબર જૈન પરમાગમમંદિરની ૧૯મી વાર્ષિક પ્રતિષ્ઠાતિથિ પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે. —✻—

[ ખંડવા પંચકલ્યાણક પ્રતિષ્ઠાના સમાચાર આવતા અંકે ]

## વૈરાગ્ય સમાચાર :—

✻ વીંછીયા નિવાસી (હાલ-કાંદિવલી) ગં. સ્વ. શાંતાબેન નરોત્તમદાસ ડગલી (વર્ષ-૬૫) તા. ૩૦-૧૨-૯૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ જામનગર નિવાસી શ્રી કિશોરચંદ્ર મથુરાદાસ દોશી (વર્ષ-૫૮) તા. ૮-૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

✻ સોનગઢ નિવાસી શ્રી ચંપાબેન શ્રી મોહનભાઈ તુરખીયાની ભાણેજ (વર્ષ-૭૮ લગભગ) તા. ૧૮-૧-૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

—સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડયો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

સુવર્ણપુરીમાં સમ્યક્ત્વમહિમાનો મંગલ-મહોત્સવ

સ્વાનુભવ-પ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તરત્ન

પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનો

૬૧મો

# 卐 સમ્યક્ત્વજયંતી-મહોત્સવ 卐

[ તા. ૧૩-૩-૯૩ થી તા. ૧૭-૩-૯૩ ]

સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મ-ઉપદેશના પ્રતાપે જેઓશ્રીએ નાની વયમાં સ્વાનુભૂતિ-રસાસ્વાદ કરી લીધો હતો તે કહાન-ગુરુ-ભક્ત-રત્ન પૂજ્ય બહેનશ્રીની ૬૧મી સમ્યક્ત્વજયંતીનો મંગલ મહોત્સવ, કાનાતળાવ (હાલ-સૂરત) નિવાસી શ્રીમતી સાકરબેન દેવજીભાઈ રૂપારેલિયા ( પટેલ ) તરફથી તા. ૧૩-૩-૯૩, શનિવારથી તા. ૧૭-૩-૯૩, બુધવાર, ફાગણ વદ-૧૦ —પાંચ દિવસ સુધી સુવર્ણપુરીમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

આ પાંચ-દિવસીય સમ્યક્ત્વજયંતી-મહોત્સવ શ્રી ચોસઠઋદ્ધિ-મંડલવિધાનપૂજા, પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના સ્વાનુભૂતિમાર્ગપ્રકાશક અધ્યાત્મ વિડિયો-ઓડિયો ટેપ-પ્રવચન તથા પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો-ધર્મચર્ચા, દેવ-ગુરુ-ભક્તિ, સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્રપ્રવચન ઇત્યાદિ અનેકવિધ ધાર્મિક કાર્યક્રમ સહિત અત્યંત હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવશે.

સમ્યક્ત્વપ્રેમી સર્વે મુમુક્ષુઓને આ સ્વાનુભૂતિ-પ્રેરક અનુપમ અવસરનો લાભ લેવા સોનગઢ પધારવા હાર્દિક અનુરોધ છે. ❀

# 卐 રાગાદિને આત્મા ન માનો 卐

આત્મા સ્વભાવે પરમાત્મસ્વરૂપ છે; રાગાદિ તો તેના નથી પણ અલ્પજ્ઞતા પણ તેની નથી, એ તો સર્વજ્ઞ પરમાત્મપ્રભુ પોતે છે. તેને બદલે એમ માને કે શુભાશુભભાવ મારા છે, રાગ તથા દયા-દાનની ક્રિયાવાળો હું છું. તો તેણે પરમાત્માને જડ માન્યો છે. પરમાણુમાં થતી ક્રિયાઓ જડ છે એ તો ઠીક, પણ પુદ્ગલના સંગે થતી પુણ્ય-પાપની ક્રિયાનો ભાવ તે પણ અચેતન છે. તેમને આત્માના માનનાર આત્માને અજીવ માની રહ્યા છે.

—માર્ગપ્રકાશક કૃપાળુ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :-
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 ( INDIA )

Licence No. 21 'Licensed to post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/-
વાર્ષિક લવાજમ : રૂા. ૬/-